APRIL - MAY - JUNE - 2026

# સહકાર સમન્વય

www.rnsb.bank.in

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.નું મુખપત્ર

## નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ની આગેકૂચ

**ડિપોઝીટમાં રૂા. ૬૮૯.૫૬ કરોડની વૃદ્ધિ**

**ધિરાણમાં રૂા. ૫૫૦.૧૮ કરોડની વૃદ્ધિ**

## એક વર્ષમાં પાંચ નવી શાખાનો શુભારંભ : ગુજરાત-મહારાષ્ટ્ર સહિત કુલ ૪૩ શાખાઓનું નેટવર્ક

મેટોડા



શાપર



દરેડ જામનગર




રેલનગર



નાના મવા





## વાચનપરબના ૧૦૦માં મણકામાં પદ્મશ્રી તુષાર શુકલે 'સંબંધનામા'ની વાતમાં શ્રોતાગણને ભાવુક બનાવ્યા



# હોમ લોન



વ્યાજદર ફક્ત **૭.૮૫%** થી

## ઘરના ઘરનું સ્વપ્ન કરો સાકાર

### રૂ. ૨૫ લાખ સુધીના ધિરાણમાં શૂન્ય પ્રોસેસિંગ ચાર્જ

- પ્રતિ લાખે ₹ ૮૨૭/- થી હપ્તો
- મુદત ૨૦ વર્ષ
- નજીવા હપ્તેથી લાંબી મુદતની લોન
- ₹ ૨ કરોડ સુધી ધિરાણની સુવિધા
- ધિરાણમાં ફિક્સસ્ડ રેટ લાગુ
- ઈન્કમટેક્સ રિટર્ન ફરજિયાત નથી

તુરંત નજીકની શાખાનો સંપર્ક કરો અથવા **M. 85117 85085** પર મિસ્ડ કોલ કરો અને બેંકની યોજનાની માહિતી મેળવો



# સોના ધિરાણ

વ્યાજદર ફક્ત **૯.૨૪%** થી

- ત્વરિત પેમેન્ટ
- કોઈ છુપો ચાર્જ નહીં
- પ્રતિ ગ્રામે મહત્તમ રકમનું ધિરાણ
- ઓવરડ્રાફ્ટ સ્વરૂપે ધિરાણ સુવિધા

તુરંત નજીકની શાખાનો સંપર્ક કરો અથવા **M. 85117 85085** પર મિસ્ડ કોલ કરો અને બેંકની યોજનાની માહિતી મેળવો



# અદ્યતન સુવિધાઓ સાથે બેંકિંગ વ્યવસાયની નિરંતર ઉન્નતિ અને સામાજિક ઉત્તરદાયિત્વનો સુભગ સમન્વય

રાજકોટ નાગરિક સહકારી બેંક ગત ૭૨ વરસોથી સતત સફળ બેંકિંગ અને સામાજિક ઉત્તરદાયિત્વની મશાલને સદૈવ પ્રજ્વલિત રાખે છે. વર્ષ ૨૦૨૫–૨૬ નાં વ્યાવસાયિક પરિણામો આપની સમક્ષ પ્રસ્તુત કરતાં મને અત્યંત પ્રસન્નતા છે.

વર્ષાંતે કુલ થાપણો ₹ ૭,૧૩૨.૫૯ કરોડ, કુલ ધિરાણ ₹ ૪,૭૬૪.૧૯ કરોડ સાથે કુલ બિઝનેસ મિક્સ ₹ ૧૧,૮૯૬.૭૮ કરોડ સુધી પહોંચેલ છે. વિગત વર્ષ દરમિયાન કુલ વ્યવસાયમાં ₹ ૧,૨૪૦ કરોડની ઐતિહાસિક વૃદ્ધિ થઈ છે. ગ્રોસ પ્રોફિટ ₹ ૧૧૫.૩૫ કરોડ રહેલ છે. સતત છઠ્ઠા વરસે આપણો ગ્રોસ પ્રોફિટ ₹ ૧૦૦ કરોડને પાર થયેલ છે. નેટ એનપીએ પણ સતત છઠ્ઠા વરસે શૂન્ય એટલે કે ઝીરો રહેલ છે. સ્વાભાવિકપણે, આવાં ઉત્સાહપ્રેરક પરિણામો પર આપણે રાજીપો વ્યક્ત કરી શકી છીએ. જેનું શ્રેય આપ સહુ, સભાસદ, ડેલિગેટ, શાખા વિકાસ સમિતિના સદસ્યો, બોર્ડ ઓફ મેનેજમેન્ટ, બોર્ડ ઓફ ડિરેકટર્સ અને કર્મચારીગણને જાય છે.

અન્ય એક ખુશીની વાત એ છે કે આ વર્ષે એક સાથે પાંચ નવી શાખાઓ કાર્યરત થઇ છે અને હવેથી બેંકનું કાર્યક્ષેત્ર કુલ ૪૩ શાખાઓનું બન્યું છે. મેટોડા–શાપર અને દરેડ જેવા મોટા અને ખ્યાતનામ ઔદ્યોગિક વિસ્તારમાં બેંકની નવી શાખા શરૂ થતાં ઉદ્યોગગૃહો અને આપણો નાતો વધુ ને વધુ મજબૂત બનશે.

આ વરસ દરમિયાન આપણે આ અંકમાં જ અન્યત્ર જણાવ્યા અનુસાર દેશની અગ્રગણ્ય આઇટી કંપની ઇન્ફોસિસનો બહુ જ ખ્યાતનામ બેંકિંગ સોફ્ટવેર ફિનેકલ આપણી બેંકમાં ગ્રાહકોના લાભાર્થે સફળતાથી અમલ કરેલ છે. તેના પરિણામે, અદ્યતન બેંકિંગ સેવાઓ દ્વારા ગ્રાહકસેવામાં આપણે મહત્તમ સુધાર કરી શક્યા છીએ.

ઉજ્જવળ બેંકિંગ પરિણામોની સાથોસાથ સામાજિક ઉત્તરદાયિત્વની ઊજળી કડી સમાન દર મહિને યોજાતો પ્રકલ્પ વાચનપરબના ૧૦૦ મણકા માર્ચ ૨૦૨૬ માં પૂર્ણ થયા. વર્ષ ૨૦૧૬ ના મે માસથી આરંભાયેલ આ સાહિત્યિક કાર્યક્રમને રાજકોટના સાહિત્યરસિક શ્રોતાગણનો સુંદર પ્રતિસાદ સાંપડે છે. ૧૦૦ મા મણકામાં ૪૦૦ ઉપરાંત શ્રોતાઓની ઉપસ્થિતિમાં ગુજરાતના અગ્રગણ્ય સાહિત્યકાર શ્રી તુષાર શુક્લે સ્વલિખિત પુસ્તક સંબંધનામાની રસાળ પ્રસ્તુતિ કરી હતી. ફલતઃ શ્રોતાઓ મંત્રમુગ્ધ થઈ ગયા હતા.

ફરીથી, સર્વેનો ખૂબ ખૂબ આભાર.

દિનેશ પાઠક, ચેરમેન

**સહકાર સમન્વય** (ત્રી–માસિક, એપ્રિલ – મે – જૂન – ૨૦૨૬)
www.rnsbindia.com
alpeshmehta@rnsbindia.com
**તંત્રી :** અલ્પેશ જયસુખલાલ મહેતા
**મુદ્રક અને પ્રકાશક :** વિનોદ કુમાર શર્મા
**માલિક :** રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
**પ્રકાશન સ્થળ :** 'અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય' ૧૫૦ ફૂટ રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ–૩૬૦ ૦૦૫.
ફોન : ૨૫૫૫૫૫૫, ૨૫૫૫૮૬૪
**મુદ્રણ સ્થાન :**
પ્રિન્ટ ટાઉન પ્રાઈવેટ લિમિટેડ
'પાર્શ્વ પ્રિન્ટર્સ', ૧/૭, રામકૃષ્ણનગર, સરિતા એપાર્ટમેન્ટની સામે, રાજકોટ.
RNI Regn. No. GUJGUJ/2013/49787
Year : 11 Issue : 2 Page : 32

# ધિરાણના વ્યાજદર

પ્રર્વતમાન સમયે

| ક્રમ | ધિરાણનો પ્રકાર | કોલેટરલ/વધારાની સિક્યુરિટી નું પ્રમાણ અને વ્યાજનો દર | | | |
|---|---|---|---|---|---|
| | | સ્પે.પ્લેટીનમ ગ્રૂપ | પ્લેટીનમ ગ્રૂપ | ગોલ્ડ ગ્રૂપ | સિલ્વર ગ્રૂપ નિયતથી ઓછી વ સિ |
| (અ) | **ધંધા / ઔદ્યોગિક ધિરાણ** | % | % | % | % |
| ૧) | કેશક્રેડિટ/હાઇપોથિકેશન/પ્લેજ તેમ જ લોન/ એસાઇનમેન્ટ ઓફ લીઝ રેન્ટલ લોન | | | | |
| | રૂા. ૫ કરોડ સુધી | ૯.૨૫ | ૯.૭૫ | ૧૦.૭૫ | ૧૨.૦૦ |
| | રૂા. ૫ કરોડથી વધુ | ૯.૫૦ | ૧૦.૦૦ | ૧૧.૦૦ | ૧૨.૦૦ |
| ૧અ) | કેશક્રેડિટ કોમર્શિયલ રિયલ એસ્ટેટ | | | | |
| | ૩ વર્ષ સુધી | ૧૨.૦૦ | | ૧૩.૦૦ | – |
| | ૩ વર્ષથી વધુ ૫ વર્ષ સુધી | ૧૩.૦૦ | | ૧૪.૦૦ | – |
| | ૫ વર્ષથી વધુ | ૧૪.૦૦ | | ૧૫.૦૦ | – |
| | * ઉપરોક્ત વ્યાજદર નવી મંજૂર થનાર બિલ્ડર સી.સી. સવલતને લાગુ પડશે. (રેટીંગનો લાભ આપવાપાત્ર થશે નહિ.) * હાલ ચાલુ બિલ્ડર સી.સી. સવલત રિવ્યુ સમયે સવલતનો ચાલુ વ્યાજદર જ ઠેરવવાનો રહેશે. પરંતુ, કોઇ પણ પ્રકારના રેટીંગનો લાભ આપવાપાત્ર થશે નહિ. | | | | |
| ૨) | ટર્મ લોન / ડિમાન્ડ લોન | | | | |
| | (૧) ઔદ્યોગિક મશીનરી / ફર્નીચર | | | | |
| | રૂા. ૫ કરોડ સુધી ઔદ્યોગિક મશીનરી | ૯.૦૦ | ૯.૫૦ | ૧૦.૫૦ | ૧૧.૫૦ |
| | રૂા. ૫ કરોડથી વધુ ઔદ્યોગિક મશીનરી | ૯.૫૦ | ૧૦.૦૦ | ૧૧.૦૦ | ૧૨.૦૦ |
| | ફર્નિચર લોન | ૯.૫૦ | ૧૦.૦૦ | ૧૧.૦૦ | ૧૨.૦૦ |
| | (૨) વાહન/ગૃહ ઉપયોગી આર્ટીકલ્સ (વધારાની સિક્યુરિટી આપેલ હોય ત્યારે) | ૧૦.૫૦ | ૧૧.૦૦ | ૧૨.૦૦ | ૧૩.૦૦ |
| | વાહન/ગૃહ ઉપયોગી આર્ટીકલ્સ (વધારાની સિક્યુરિટી સિવાય) | ૧૩.૦૦ | | | |
| | (૩) નવી કાર લોન યોજના | ૭.૮૫ થી | | | |
| | (૪) સરલ ધિરાણ | ૧૦.૫૦ થી | | | |
| | (૫) ઔદ્યોગિક/કોમર્શિયલ/સ્થાવર મિલકત ખરીદી | ૧૦.૦૦ | | | ૧૧.૦૦ (મંજૂરી મેળવી માર્જીન ૨૦ %થી ઓછું સ્વીકારેલ હોય ત્યારે) |
| | (૬) ઔદ્યોગિક/કોમર્શિયલ/સ્થાવર મિલકત બાંધકામ | ૯.૫૦ | ૯.૭૫ | ૧૦.૦૦ | ૧૧.૦૦ (મંજૂરી મેળવી માર્જીન ૨૦ %થી ઓછું સ્વીકારેલ હોય ત્યારે) |
| (બ) | **સ્થાવર મિલકત અને યોજનાકીય ધિરાણ** | માર્જીન ૫૦ % | માર્જીન ૪૦ % | માર્જીન ૩૦ % | માર્જીન ૨૦ % |
| ૧) | હાઉસિંગ સ્થાવર મિલકત ખરીદી/બાંધકામ | ૭.૮૫ થી | | | |
| ૨) | મકાન રિપેરીંગ | – | ૧૨.૦૦ | ૧૨.૫૦ | ૧૩.૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩) | બેંક દ્વારા કબજે લીધેલ એનપીએ ખાતેદારની રહેણાંક સ્થાવર મિલકત ખરીદનારને તે મિલકત સામે જ લોન (હાઉસીંગ) | ૭.૮૫ થી | | | |
| ૪) | બેંક દ્વારા કબજે લીધેલ એનપીએ ખાતેદારની મિલકત ખરીદનારને તે મિલકત સામે જ લોન (ઔદ્યોગિક/કોમર્શિયલ) | | | | |
| | રૂા. ૫ કરોડ સુધી | ૯.૨૫ | ૯.૭૫ | ૧૦.૭૫ | ૧૨.૦૦ |
| | રૂા. ૫ કરોડથી વધુ | ૯.૫૦ | ૧૦.૦૦ | ૧૧.૦૦ | ૧૨.૦૦ |
| (ક) | **અન્ય ધિરાણો (સ્પેસીફાઇડ ગ્રુપ)** | | | | |
| ૧) | એજ્યુકેશન લોન | ૮.૫૦ | | | |
| ૨) | NSC/KVP/LIC/પ્લેજેબલ ગર્વ.બોન્ડ/માન્ય સિક્યુરિટી સામે લોન/ઓવરડ્રાફ્ટ | ૮.૨૫ | | | |
| ૩) | સોના ધિરાણ (ગોલ્ડ લોન્સ) / ઓવરડ્રાફ્ટ | ૯.૨૪ થી | | | |
| ૪) | ડિમેટ શેર સામે લોન/ઓવરડ્રાફ્ટ | ૮.૫૦ | | | |
| ૫) | બેંક દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થાના કર્મચારીઓને ઓવરડ્રાફ્ટ | ૧૦.૦૦ | | | |
| ૬) | જાત જામીનગીરી/કરન્ટ ખાતામાં ક્લીન ઓવરડ્રાફ્ટ | ૧૪.૦૦ | | | |
| ૭) | બેંક ડીપોઝીટ સામે લોન/ઓવરડ્રાફ્ટ | ડીપોઝીટ દર+૦.૫૦% | | | |
| ૮) | પ્રોફેશનલને ધિરાણ (એક અરજદારના કુલ) | | | | |
| | ૮અ) ડોકટર્સ, સ્પેશ્યાલિસ્ટ ડોક્ટર માટે રૂા. ૫ કરોડ સુધીના ધિરાણ માટે | ૯.૦૦ | | | |
| | રૂા. ૫ કરોડથી વધુના ધિરાણ માટે | ૯.૫૦ | | | |
| | ૮બ) ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, આર્કિટેક, એન્જીનિયર, કોસ્ટ એકાઉન્ટન્ટ અને કંપની સેક્રેટરી માટે | | | | |
| | રૂા. ૫ કરોડ સુધીના ધિરાણ માટે | ૯.૦૦ | | | |
| | રૂા. ૫ કરોડથી વધુના ધિરાણ માટે | ૯.૫૦ | | | |
| ૯) | સિનિયર સિટીઝન સભાસદોને રિવર્સ મોર્ગેજ લોન | ૯.૦૦ | | | |
| ૧૦) | ગૌશાળા/પાંજરાપોળને ઘાસ ખરીદ કરવા ધિરાણ | ૧૦.૫૦ | | | |
| ૧૧) | ચાલુ ધિરાણ ખાતેદારોને વધારાના ધિરાણ (ટોપ-અપ) (સભાસદ સુવિધા ધિરાણ) | ૧૦.૦૦ | | | |
| ૧૨) | મુખ્યમંત્રી આવાસ યોજના : રૂા. ૨૫ લાખ સુધી (રહેણાંક સ્થાવર મિલકત ધિરાણના નિયમાનુસાર વધારાની વ્યાજરાહત મળશે. લઘુત્તમ વ્યાજદર ૮.૫૦%) | ૮.૮૦ | | | |
| ૧૩) | સિઝનલ ધિરાણ | ૧૦.૦૦ | | | |
| ૧૪) | શ્રી લક્ષ્મણરાવજી ઈનામદાર 'સ્વરોજગાર ધિરાણ' | ૧૧.૦૦ | | | |
| ૧૫) | રૂફટોપ સોલાર સીસ્ટમ ધિરાણ : | | | | |
| | રૂા. ૨ લાખ સુધી (વધારાની સિક્યુરિટી વગર) | ૧૦.૦૦ | | | |
| | રૂા. ૨ લાખ સુધી (વધારાની સિક્યુરિટી સાથે) | ૮.૫૦ | | | |
| | રૂા. ૨ લાખથી રૂા. ૧ કરોડ સુધી (વધારાની સિક્યુરિટી સાથે અને ૬૦ માસ માટે) | ૮.૫૦ | | | |
| | રૂા. ૨ લાખથી રૂા. ૧ કરોડ સુધી (વધારાની સિક્યુરિટી સાથે અને ૮૪ માસ માટે) | ૯.૦૦ | | | |
| | સ્ટાફ | ૮.૨૫ | | | |
| ૧૬) | જેનરિક દવાના સ્ટોર માટે ધિરાણની યોજના (મહિલા અરજદારને નિયમાનુસાર વ્યાજરાહત) | ૮.૫૦ | | | |
| ૧૭) | વ્યાપાર વૃદ્ધિ ઓવર ડ્રાફ્ટ (હીરા સિવાયના વ્યાપાર ઉદ્યોગ માટે) | ૯.૫૦ | | | |
| | " લોંગ ટર્મ એસેટ્સની જરુરિયાત માટે (ટર્મ લોન) | ૧૦.૨૫ | | | |
| | " હીરા ઉદ્યોગ / વ્યાપાર માટે | ૯.૨૫ | | | |
| ૧૮) | નાગરિક સહકાર ધિરાણ | ૯.૫૦ | | | |
| ૧૯) | ગોલ્ડ બોન્ડ સામે ધિરાણ / ઓવરડ્રાફ્ટ | ૮.૫૦ | | | |
| ૨૦) | જીએસટી સરોગેટ ઓવરડ્રાફ્ટ સુવિધા | ૯.૨૫ % થી | | | |

## ધિરાણ વ્યાજદર અંગે નોંધ :

(૧) અન્ય બેંકની સવલત ટેઈકઓવરના કિસ્સામાં ઉચ્ચ ગ્રેડેશન ધરાવતા ખાતેદારોને અન્ય બેંકના ચાલુ વ્યાજદર કરતાં ૧ % ઓછો (લઘુતમ ૮.૫૦ %ની મર્યાદામાં) વ્યાજદર રહેશે. લઘુત્તમ વ્યાજદર ૮.૫૦% રહેશે. (૨) રહેણાંક સ્થાવર મિલકત ખરીદી માટે વિશેષ વ્યાજ રાહત : (અ) સરકારી/અર્ધસરકારી સંસ્થાના કાયમી કર્મચારીઓને અપાતા આ ધિરાણમાં સંસ્થા તરફથી પગારમાંથી હપ્તા કપાતનો પત્ર મળે તો ૧ % વ્યાજ રાહત મળશે. (બ) અરજદારના છેલ્લા ૩ વર્ષના દર વર્ષે નિયમિત આઈ.ટી. રિટર્ન ભરેલ હોય ત્યારે છેલ્લા વર્ષના રિટર્ન મુજબ આવકના ૫૦ % રકમની મર્યાદામાં ધિરાણની વાર્ષિક હપ્તાની રકમ થતી હોય તેવા સંજોગોમાં ૧.૨૫ % વ્યાજ રાહત મળશે. (ક) પ્રોફેશનલ (ડોકટર, સી.એ.,આર્કિટેક્ટ, એન્જીનિયર્સ) અરજદારને ૧ % વ્યાજ રાહત મળશે. (ડ) મહિલા અરજદારને ૧ % વ્યાજ રાહત મળશે. વિવિધ ગ્રૂપ અંગેની સમજણ : ગોલ્ડ ગ્રૂપ : જરૂરી મિનિમમ વધારાની સિક્યુરિટી (વ*સિ) જેટલી કે તેથી વધુ વ*સિ આપવામાં આવતી હોય. પ્લેટીનમ ગ્રૂપ : જરૂરી મિનિમમ વ*સિ ઉપરાંત લોન રકમનાં ૫૦ % કે તેથી વધુ વ*સિ આપવામાં આવતી હોય. સ્પે. પ્લેટીનમ ગ્રૂપ : જરૂરી મિનિમમ વ*સિ ઉપરાંત લોન રકમના ૧૦૦ % કે તેથી વધુ વ*સિ આપવામાં આવતી હોય. સીલ્વર ગ્રૂપ : મિનિમમ જરૂરી વ*સિથી ઓછી વ*સિ સ્વીકારવાના કિસ્સામાં. (ઉપરોક્ત ગ્રૂપ અંગેની વિસ્તૃત સમજણ બેંકની શાખામાંથી મળશે.)

## ડિપોઝીટના વ્યાજદર તા. ૧૭-૦૧-૨૦૨૬થી અમલ

| ક્રમ | સમયગાળો | જનરલ કેટેગરી | સીનીયર સીટીઝન / સ્ટાફ | બલ્ક ડિપોઝીટ (રૂા. ૧ કરોડ કે તેથી વધુ) | સ્ટાફ/પૂર્વ સ્ટાફ + સીની. સિટીઝન + બલ્ક ડિપોઝીટ (રૂા. ૧ કરોડ કે તેથી વધુ) (એકથી વધુ કેટેગરીમાં સમાવિષ્ટ થતા હોય ત્યારે) |
|---|---|---|---|---|---|
| | | % | % | % | % |
| ૧ | ૭ દિવસથી ૧૭૯ દિવસ સુધી | ૩.૫૦ | ૩.૭૫ | ૪.૦૦ | ૪.૨૫ |
| ૨ | ૧૮૦ દિવસથી ૩૬૪ દિવસ સુધી | ૫.૨૫ | ૫.૫૦ | ૬.૦૦ | ૬.૨૫ |
| ૩ | ૧ વર્ષ કે તેથી વધુ ૩ વર્ષ સુધી | ૬.૫૦ | ૬.૭૫ | ૭.૦૦ | ૭.૨૫ |
| ૪ | ૩ વર્ષથી વધુ ૫ વર્ષ સુધી | ૬.૭૫ | ૭.૦૦ | ૭.૨૫ | ૭.૨૫ |
| ૫ | ૫ વર્ષથી વધુ ૧૦ વર્ષ સુધી | ૫.૭૫ | ૫.૭૫ | ૫.૭૫ | ૫.૭૫ |

* ટેક્સ એકઝેમ્પશન સ્કીમ ૮૦-સીનો લાભ ૫ વર્ષ કે તેથી વધુ સમયની કોઇ પણ બાંધી મુદત સ્કીમમાં મળી શકશે.

* ઉપરોકત વ્યાજદર રિકરીંગ ડિપોઝીટ ઉપર લાગૂ પડશેઇ પરંતુ, રીકરીંગ ડિપોઝીટ ઓછામાં ઓછી ૧ વર્ષ માટે અને ત્યાર બાદ ત્રણ માસના ગુણાંકમાં મૂકવાની રહેશે.

# રંગોત્સવની ઉજવણી...

**આપણી બેંકમાં કાર્યરત જાગૃત કર્મચારી મંડળ અને રાજકોટ નાગરિક બેંક કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ.ના સંયુક્ત ઉપક્રમે ધુળીટી પર્વની રંગોત્સવ સાથે ઉજવણી કરાયેલી હતી તેની તસવીરી ઝલક...**









## બે સાધુ

શ્રી રામકૃષ્ણ પરમહંસે સ્વામી વિવેકાનંદને પૂછ્યું હતું, લોકો ઘોર અજ્ઞાનમાં ડૂબેલા રહે, રડતા રહે, બરાડતા રહે, આમતેમ રખડતા ફરે અને તું હિમાલયની કોઈ ગુફામાં બેસી સમાધિનો આનંદ પ્રાપ્ત કરતો રહે એ યોગ્ય છે ? ના. ના. ક્યારેય નહિ. એમને કોણ ઉગારશે ? એમને કાદવમાંથી બહાર કોણ કાઢશે ? એમને સાચો રસ્તો કોણ બતાવશે ? તારે... તારે જ આ બધું કરવું પડશે.'

શ્રી રામકૃષ્ણ પરમહંસ આ સંદર્ભમાં એક વાર્તા કહેતા હતા. એક સર્વસંગ પરિત્યાગી સાધુ હતો. ઘરબાર છોડી એ નીકળી પડ્યો. એણે કેટલાય દેશો પાર કર્યા. અનેક પહાડો.. પર્વતો ઓળંગતો ઓળંગતો હિમાલયની એક પર્વતશિલા પાસે આવી પહોંચ્યો. મહામુશ્કેલીએ એના પર ચઢ્યો. અહીં એણે પરમ સુંદર સ્વર્ગીય દૃશ્ય જોયું, અહા... હા... ! કેટલું સુંદર ! કેટલું ભવ્યાતિભવ્ય ! કેટલું મોહક !' કહેતો કહેતો એ એના તરફ કૂદી પડ્યો. આ પછી એ સાધુને કદી કોઈએ જોયો નથી.

બીજો સાધુ પણ આ જ પ્રકારે એ શિલા પર ચઢ્યો. એણે પેલું પરમ રમણીય દૃશ્ય જોયું તો એના મોંમાંથી 'અહાહા ! કેવું સુંદર સ્થાન ! અહીં કેવો દિવ્ય આનંદ ! પણ... રે ભાગ્ય! આની તો કોઈને જાણ જ નથી.

હું તરત પાછો ફરીશ. ગામડે ગામડે ફરીશ અને પોકારી પોકારી કહીશ, અહીં શું બેઠા છો ? અમૃતમય દૃશ્ય જોયું? ચાલો. ત્યાંનો સ્વર્ગીય આનંદ લૂંટો !' ના ઉદ્ગારો સરી પડ્યા. ખરેખર એણે એવું જ કર્યું.

આપણે પણ આ પરમાનંદ અર્પનાર સંઘકાર્યનો આસ્વાદ સૌને કરાવીએ. ગામડે ગામડે, ઘરે ઘરે જઈ લોકોને કહેવું પડશે, ચાલો... ચાલો... દેશ અને ધર્મના નામે એક થવામાં અને બંધુભાવ જન્માવવામાં કેવો આનંદ આવે છે, એનો અનુભવ કરો.' આપણે બીજા સાધુનું અનુસરણ કરવું જોઈએ.

## ક્ષમાભાવ


આપણે એક મહાન કાર્ય કરવા દૃઢતાપૂર્વક ઘર બહાર નીકળ્યા છીએ ત્યારે લોકો તો પોતપોતાની રુચિ, દૃષ્ટિ, ક્ષમતા અને પૂર્વ અનુભવ પ્રમાણે આપણને કડવી – મીઠી વાતો કહેશે. જરૂર કહેશે. કોઈ ગમે તેટલી ખોટી અને કડવી વાતો કહે, તો પણ આપણે એમને ક્ષમા આપવી જોઈએ. એમને ખરી વાતની ખબર નથી એટલે તેઓ વિરોધ કરે છે. મોં–માથા વિનાની વાતો કરવાથી દેશને કેટલું નુકસાન થશે, એની એમને ખબર નથી.

ખ્રિસ્ત ઈસુ એક દેવદૂત હતા. એમણે સંપૂર્ણ વિશ્વને પ્રેમનો પાઠ ભણાવ્યો. એમણે સૌની સેવા કરી. એમણે તન–મન–ધનથી ક્યારેય કોઈનું અનિષ્ટ ઈચ્છ્યું નહિ, તો પણ લોકોએ એમને પ્રાણદંડની શિક્ષા કરી. લોકો એમને વધસ્તંભ પર ચડાવવા લાગ્યા ત્યારે ઈસુએ હાથ જોડીને પ્રાર્થના કરી, 'હે પરમેશ્વર ! એમને ક્ષમા કરી દો. એમને ખબર નથી કે એ શું કરી રહ્યા છો ?'

આપણા વિરોધીઓ પ્રત્યે આપણી ધારણા આવી જ રહેવી જોઈએ.

## રાષ્ટ્રના આધારસ્તંભ

એક વખત કેટલાક વિદ્યાર્થી મિત્રોને મેં કહ્યું, 'છત્રપતિ શિવાજી મહારાજના ચારિત્ર્યમાં 'પાવનખિંડ' નામના એક સ્થળનો ઉલ્લેખ આવે છે. અહીં પરાક્રમ, દેશભક્તિ અને સમર્પણભાવનો અત્યંત પ્રેરક પ્રસંગ બન્યો હતો. મને લાગ્યું કે જેમને આ વાત કહી રહ્યો છું, એમને આની કોઈ માહિતી જ નથી. એમાંના એકે તો પૂછ્યું પણ ખરું, 'આ સ્થાન શા માટે પ્રસિદ્ધ છે?'



**ગુરૂજી**

મેં એમને કહ્યું, 'શિવાજી મહારાજના સાથી રાષ્ટ્રભક્તોને ખબર પડી કે શત્રુ મોટા લશ્કર સાથે ચઢી આવ્યો છે. એમના પ્રાણપ્રિય નેતા અને પર્યાય રૂપ રાષ્ટ્ર પર આફતનાં વાદળો છવાઈ ગયાં છે. આ લોકોએ આક્રમણ રોકવા એક સાંકડી પહાડી આગળ પ્રયત્ન કર્યો. મુઠ્ઠીભર રાષ્ટ્રભક્તોએ શત્રુની વિશાળ સેના રોકી રાખી. આ કાર્ય તો મૃત્યુના મોંમાં પ્રવેશવા જેવું હતું. બધા સૈનિકો લડતાં – લડતાં ખપી ગયા, પરંતુ, કોઈએ પારોઠનાં પગલાં ભર્યાં નહિ.'

મેં એમને આ વાતનું વિગતે વર્ણન કર્યું તો એ કહેવા લાગ્યા, 'વાહ! વાહ! આપણા ઈતિહાસમાં પણ આવા પ્રસંગો છે ? આવો પરાક્રમી પ્રસંગ તો પ્રાચીન ગ્રીકોના ઈતિહાસમાં અવશ્ય આવે છે. લોકો એને થર્મોપાયલીનું યુદ્ધ કહે છે.' આ સાંભળી હું તો દંગ રહી ગયો. એમને થર્મોપાયલીના યુદ્ધની ખબર છે. પણ પાવનખિંડ કે હલ્દીઘાટીનાં યુદ્ધ ખબર નથી.

આ કેવા વિદ્યાર્થીઓ ! એમને પોતાના ઈતિહાસના પ્રેરક પ્રસંગોની ખબર નથી. એમનું સ્વાભિમાન જાગે, એમને એમના સ્વત્વનો સાક્ષાત્કાર થાય એવું કોઈ શિક્ષણ જ આપવામાં આવતું નથી, તો પછી વિદ્યાર્થીઓ આ રાષ્ટ્રના આધારસ્તંભો કેવી રીતે બનશે?

# અરવિંદભાઈનું દર્શન

(‘મૂલ્યોના માનવી’ ગ્રંથમાંથી લેખના અંશ)

અરવિંદભાઈનું જીવન એટલે નિયમિતતા અને ગતિશીલતા. સમયની ચોકસાઈની બાબતમાં શ્રી અરવિંદભાઈનો આગ્રહ દાદ માગી લે તેવો હતો. તેમણે આપેલ નિશ્ચિત સમયે, તે જ મિનિટે તેઓ કોઈ પણ કાર્યક્રમમાં હાજર હોય. સમયપાલનની તેમની કાળજી અને આગ્રહ, તેમને મન સમયનું કેટલું મૂલ્ય હતું, તે દર્શાવતાં. વહી જતા સમયની પ્રત્યેક પળ કીંમતી છે અને તેનો પૂરેપૂરો અર્થપૂર્ણ ઉપયોગ કરવાની કળા અરવિંદભાઈને હસ્તગત હતી. આથી જ સમયપાલનની સાથે કાર્યની ગતિ એ તેમના જીવનનું બીજું મહત્ત્વનું પાસું હતું. તેઓ જે કામ હાથમાં લેતા, તે કામનો વિકાસ ઝડપથી થતો. તેમની કામની ગતિ અતિઝડપી હતી. સતત આગળ વધો – કોઈ પણ સંસ્થાકીય કામમાં પણ સતત વિકાસ, સતત વિસ્તાર અને સતત વૃદ્ધિ એ તેમનું કાર્યસૂત્ર હતું. તેઓ હમેશાં જાણે સમય સાથે સ્પર્ધા કરતા હોય તેમ ઉતાવળમાં જ રહેતા. કદાચ તેમને પોતાની ઝડપી જીવનયાત્રાનો અંદેશો પણ મળી ગયો હોય. વિકાસને પોતાના પ્રશ્નો પણ હોય છે. પણ અરવિંદભાઈ આવા પ્રશ્નોમાં અટવાયા વિના કહેતા કે પ્રગતિની ગતિ તેજ કરો, એટલે પ્રશ્નો આપોઆપ ઉકેલાઈ જશે. સ્થગિતતા લાવવાથી પ્રશ્નો વધુ ગૂંચવાશે. તેઓ કહેતા કે, ‘‘પ્રવાસમાં આગળ વધીએ અને માર્ગમાં કાંટા–ઝાંખરાં હોય તો દૂર કરીને સતત આગળ વધતા રહેવું જોઈએ. તો જ લક્ષ્યાંકે પહોંચી શકાય. અવરોધોમાં અટવાઈ રહેવાથી યાત્રા પૂરી ન થાય.’ આવું સતત કાર્યરત જીવન ટૂંકું બની રહ્યું, પણ તેજસ્વી રહ્યું. તેમના જીવનનો અંત પણ એક ઝડપ જ હતી. His life was fast, death faster. ટગમગતા કોડિયાને બદલે તેમનું જીવન તો મશાલની જેમ પ્રજ્વળી ઊઠ્યું અને સામાજિક સેવાના માર્ગને તેણે ઉદ્યોત કર્યો. એક



અરવિંદભાઈ શબ્દદેહે

અંગ્રેજી કવિની પંક્તિઓ છે. "My candle burns at both ends, it shall not last the both night. But, O my friends ! O my foes, see, how beautiful is its light!" (‘‘મારા જીવનની મીણબત્તી બંને છેડે સળગે છે ! ઓ મારા મિત્ર, ઓ મારા અમિત્ર! જુઓ, તેનો પ્રકાશ કેટલો તેજસ્વી છે!’’)

પોતાના જીવનની મીણબત્તી બંને છેડે ઠીક આ જ પ્રકારે શ્રી અરવિંદભાઈએ સળગાવી હતી. તેમના અલ્પજીવનના પ્રકાશની તેજસ્વિતા–ને તેમના સાથીઓ કે સામેનાઓ સૌ કોઈએ સ્વીકાર કર્યો હતો. હોશિયાર અને તેજસ્વી બાળક જેમ બે ધોરણ ભેગાં કરી જલદી પોતાનો અભ્યાસ–કાળ પૂર્ણ કરે, તેમ શ્રી અરવિંદભાઈએ પોતાનો ગૃહસ્થાશ્રમ તેમજ વાનપ્રસ્થાશ્રમ ભેગા કરી પોતાનો જીવનકાળ જલદી સમાપ્ત કર્યો. તેમના જીવનના અર્ધા ભાગથી પણ વધુ સમય સામાજિક કામોમાં જતો. આવા વાનપ્રસ્થી ગૃહસ્થ સાથે જીવવાનો અને કામ કરવાનો અવસર એ પણ જીવનનું ભાગ્ય ગણી શકાય.

ધન્ય છે, એ કુટુંબને કે જ્યાં તેમનો જન્મ થયો ! એથી પણ અધિક ધન્ય છે, એ સંઘ– શાખાને કે જ્યાં તેમના વ્યક્તિત્વનું ઘડતર થયું! અને એથી પણ વિશેષ ધન્ય છે એ સંસ્થાઓ કે જેમને તેમના નેતૃત્વ અને કર્તૃત્વનું સાંનિધ્ય મળ્યું !

આવી ધન્યતા અને કૃતજ્ઞતાની ગૌરવભરી લાગણી સાથે એ મહામાનવને ભાવભરી અંજલિ– સહ આપણા સૌના અશેષ પ્રણામ !

### બેંકને પુનઃ પ્રાપ્ત થયેલી સેવાઓ

સને ૧૯૮૩માં તેમના ઉપર પુનઃ રાજકોટ નાગરિક સહકારી બેંકના પ્રમુખ તરીકેની જવાબદારી આવેલી. કોઈ પણ ક્ષેત્રમાં પડકાર ઝીલી લઈને તેમાં સમર્પણભાવ અને એકનિષ્ઠ રીતે સક્રિય રહીને તેમાં વિશ્વાસપૂર્વક સફળતા પ્રાપ્ત કરવી એ અરવિંદભાઈની એક પ્રકૃતિ હતી. આ સમયે અરવિંદભાઈ અનેક ક્ષેત્રે સવિશેષ કાર્યરત હતા. છતાં બેંકની કામગીરી માટે એ ઓછા સક્રિય હતા, એમ કોઈને પણ લાગતું નહોતું. રાજકોટ નાગરિક સહકારી બેંક એક સહકારી ક્ષેત્રની મંડળી હોવા છતાં આધુનિક વાણિજ્ય બેંકો સાથે ટક્કર લઈ શકે તેવી સંગીન સ્થિતિ ઉપર મૂકવાનો તેમને સંકલ્પ હતો. રાજકોટ નાગરિક બેંકમાં ફોરેન એક્સચેન્જનું કામકાજ થાય અને તે દ્વારા રાજકોટના ઉદ્યોગોની નિકાસલક્ષી વૃદ્ધિ થાય તેમ જ ભારતનાં દિલ્હી, કલકત્તા, મુંબઈ, અમદાવાદ જેવાં મહત્ત્વનાં કોર્પોરેટ કેન્દ્રોમાં રાજકોટ નાગરિક સહકારી બેંકની શાખાઓ ખૂલે એ દૃષ્ટિથી તેમણે રિઝર્વ બેંક સાથેની કાર્યવાહી શરૂ કરેલી. રાજકોટ નાગરિક સહકારી બેંક સાથેનું તેમનું સક્રિય યોગદાન સને ૧૯૬૯–૭૮થી ૧૯૮૨–૮૩ સુધી અનવરત રૂપે રહ્યું. સને ૧૯૫૨–૫૩ થી ૧૯૬૯–૭૦ નો શરૂઆતનો ૧૭ વર્ષનો ગાળો અને ત્યાર બાદનો સને ૧૯૬૯–૭૦ થી સને ૧૯૮૨–૮૩થી સુધીનો ૧૩ વર્ષનો શ્રી અરવિંદભાઈનો સેવાકીય ગાળો–આ બેંકે બે સમયગાળા વચ્ચે સાધેલી સર્વતોમુખી પ્રગતિની જે હરણફાળ જોવા /મળે છે તે તેમના અજોડ ગતિશીલ નેતૃત્વનું એક મહામૂલ્યવાન સુફળ છે.

**– વસંતભાઈ ખોખાણી**

# સંકટમોચન શ્રી હનુમાનજીના જન્મોત્સવની આસ્થાભેર ઉજવણી







આપણી બેંકમાં કાર્યરત જાગૃત કર્મચારી મંડળ અને રાજકોટ નાગરિક બેંક કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ.ના સંયુક્ત ઉપક્રમે સંકટમોચન શ્રી હનુમાન જન્મોત્સવની આસ્થાભેર ઉજવણી હેડ ઓફિસમાં કરાઇ હતી. કાર્યક્રમની શરૂઆતમાં હનુમાન ચાલીસાનું સમૂહ પઠન થયું હતું. ત્યાર બાદ શ્રી હનુમાનદાદાની આરતી થઈ હતી. ત્યાર બાદ પ્રસાદ વિતરણ થયો હતો. આ અવસરે બેંકના ચેરમેનશ્રી દિનેશભાઇ પાઠકે શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમમાં શ્રી દિનેશભાઇ પાઠક (ચેરમેન), શ્રી જીવણભાઈ પટેલ (વાઇસ ચેરમેન), ડિરેક્ટરગણમાંથી શ્રી અશોકભાઇ ગાંધી, શ્રી વિક્રમસિંહ પરમાર, શ્રી નવીનભાઈ પટેલ, સી.એ. શ્રી બ્રિજેશભાઈ મલકાણ, બોર્ડ ઓફ મેનેજમેન્ટમાંથી શ્રી હંસરાજભાઈ ગજેરા, શ્રી વિનોદ શર્મા (જનરલ મેનેજર – સીઇઓ), શ્રી રજનીકાંત રાયચુરા (ડીજીએમ) ઉપરાંત જાગૃત કર્મચારી મંડળમાંથી શ્રી વિપુલભાઈ દવે (પ્રમુખ), શ્રી ભરતભાઇ કુંવરિયા (મંત્રી), શ્રી જિજ્ઞેશભાઈ દવે (સહમંત્રી), તેમજ રાજકોટ નાગરિક બેંક કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ. શ્રી કાજલબેન તન્ના (ઉપપ્રમુખ), શ્રી મનસુખભાઈ ગજેરા (મંત્રી) અને અન્ય નાગરિક પરિવારજનો ઉપસ્થિત રહ્યાં હતાં.








# રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની શાપર શાખાનો ભવ્ય ઉદ્ઘાટન સમારોહ યોજાયો



બેંકની ૪૦ મી શાપર શાખાનો પ્રારંભ થયો છે અને આ મંગલ અવસરે ભવ્ય ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં શ્રી ભારતમાતા અને શ્રી અરવિંદભાઇ મણીઆરની તસવીર સમક્ષ મહાનુભાવો દ્વારા દીપપ્રાગટ્ય કરાયું હતું. મહેમાનોને મોમેન્ટો આપી સ્વાગત કરાયું હતું. શાખાનો મંગલ પ્રારંભ શાસ્ત્રી શ્રી ધર્મવત્સલદાસજી સ્વામીએ શ્રીફળ વધેર્યું હતું અને રીબન કાપી શાખાના કામકાજનો શુભારંભ કરાવ્યો હતો. મંગલ આરતી દ્વારા સમગ્ર વાતાવરણ ધર્મમય બન્યું હતું.

પ્રાસંગિક ઉદ્બોધનમાં આર્શીવચન પાઠવતા શાસ્ત્રી શ્રી ધર્મવત્સલદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, 'રાજકોટ નાગરિક સહકારી બેંક શાપરમાં વિકાસની નવી તક લઇને આવી છે. લોકો બેંકમાં મૂડી નહિ, વિશ્વાસ મૂકવા આવે છે અને આ બેંક સાત દાયકાથી જનવિશ્વાસની આરાધના કરી રહી છે. બેંક ફક્ત નાણાકીય જરૂરિયાત નહિ, પરંતુ, સમાજનાં અનેક કાર્યોમાં સહાયક બની છે. બેંકના નામમાં જ સહકાર છે અર્થાત્ સહકાર થકી સહુનો વિકાસ થાય.'



**બેંક ફક્ત નાણાંકીય જરૂરીયાત માટે નહિ સમાજનાં વિવિધ કાર્યોમાં સહાયક બને છે : શાસ્ત્રી ધર્મવત્સલદાસજી સ્વામી**

રાજકોટના ધારાસભ્ય શ્રી રમેશભાઇ ટિલાળાએ જણાવ્યું હતું કે, 'બેંકનું શાપરમાં હાર્દિક સ્વાગત છે. શાપરની ઇન્ડસ્ટ્રીઝ બહુ જ મોટી છે. તેના વિકાસમાં બેંકોનો બહુ જ મોટો ફાળો છે. રાજકોટ નાગરિક સહકારી બેંક આપણી બેંક છે. બેંક થકી વિકાસમાં વધુ વેગ મળશે.'



**રાજકોટ નાગરિક સહકારી બેંક આપણી બેંક છે, બેંક થકી વિકાસને વધુ વેગ મળશે : રમેશભાઇ ટિલાળા**

બેંકના ચેરમેન શ્રી દિનેશભાઇ પાઠકે જણાવ્યું હતું કે, 'બેંકની ૪૦મી શાપર શાખાનો આજરોજ વિધિવત્ શુભારંભ થઇ રહ્યો છે. આપણે ઘણા બધા પાસેથી અવારનવાર સાંભળીએ છીએ કે અમને વ્યવસાયમાં મોટા કરનાર રાજકોટ નાગરિક સહકારી બેંક છે. સહુની સફળતાની ગાથા સાથે બેંકનો સેતુ રચાયેલો છે. ઉદ્યોગ જગત અને બેંક એકબીજાનાં પૂરક છે. આપણી બેંક ખાતેદારોની સુવિધાને અગ્રસ્થાને રાખી જરૂરિયાત મુજબના ફેરફારો કરતી રહી છે. આપણા લોકલાડીલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીનું સૂત્ર છે કે 'એક હૈ તો સેફ હૈ'. આપણે સહુ એકબીજાને સહારે આગળ વધીએ અને આભને આંબતી પ્રગતિ કરીએ.

બેંકની શાપર શાખાના પ્રભારી ડિરેક્ટરશ્રી કલ્પેશભાઇ ગજ્જરે શબ્દોથી સ્વાગત કરતાં જણાવ્યું હતું કે 'શાપરમાં મલ્ટીસ્ટેટ શેડ્યુલ્ડ બેંક રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.નું સ્વાગત છે. નાના માણસની મોટી બેંક તરીકે ઓળખાતી બેંકે અનેક નાના માણસને વાસ્તવમાં મોટા બનાવ્યા છે.'

ઉદ્ઘાટન સમારોહમાં શાસ્ત્રી શ્રી ધર્મવત્સલદાસજી સ્વામી (મુખ્ય સંચાલક–સ્વામીનારાયણ ગુરૂકુળ વિદ્યાપીઠ, રિબડા), શ્રી રમેશભાઇ ટિલાળા (ધારાસભ્ય–રાજકોટ), શ્રી રસિકભાઇ સુરેજા (એમ.ડી. એટલાન્ટિસ એગ્રીટેક પ્રા. લિ.), શ્રી ધીરૂભાઇ દુધાત (એમ.ડી., ડી. એન. કાસ્ટેક પ્રા. લિ.), શ્રી જયેશભાઇ કાકડીયા (પ્રમુખ–શાપર ગ્રામ પંચાયત), બેંક પરિવારમાંથી શ્રી દિનેશભાઇ પાઠક (ચેરમેન), શ્રી જીવણભાઇ પટેલ (વાઇસ ચેરમેન), ડિરેક્ટરગણમાંથી શ્રી કલ્પેશભાઇ ગજ્જર (પ્રભારી ડિરેક્ટર), શ્રી કીર્તિદાબેન જાદવ, શ્રી અશોકભાઇ ગાંધી, શ્રી જ્યોતિબેન ભટ્ટ, શ્રી વિક્રમસિંહ પરમાર, ડો. એન. જે.









**ઉદ્યોગ જગત અને બેંક એકબીજાનાં પૂરક છે: દિનેશભાઇ પાઠક**

મેઘાણી, સી.એ. શ્રી ભૌમિકભાઇ શાહ, શ્રી ચિરાગભાઇ રાજકોટીયા, સી.એ. શ્રી બ્રિજેશભાઇ મલકાણ, શ્રી હસમુખભાઇ ચંદારાણા, શ્રી શૈલેષભાઇ મકવાણા (કો–ઓપ્ટ ડિરેક્ટર), શ્રી જ્યોતીન્દ્રભાઇ મહેતા (ચેરમેન–એનયુસીએફડીસી (અંબ્રેલા)), શ્રી નલિનભાઇ વસા (સહકાર ભારતી–ગુજરાત પ્રદેશ), બોર્ડ ઓફ મેનેજમેન્ટમાંથી શ્રી હંસરાજભાઇ ગજેરા (સદસ્ય), શ્રી વિજયભાઇ કોઠારી (સદસ્ય), શ્રી વિનોદભાઇ લાઠીયા (સદસ્ય), શ્રી વિનોદ કુમાર શર્મા (જનરલ મેનેજર (સીઇઓ), શ્રી રજનીકાંત રાયચુરા (ડી.જી.એમ.), શાપર શાખા વિકાસ સમિતિમાંથી શ્રી અમૃતભાઇ ગઢીયા (કન્વીનર), શ્રી કૃણાલભાઇ મલકાણ (સદસ્ય), શ્રી ધર્મેશભાઇ રૂપાપરા (સદસ્ય) વિવિધ મહાનુભાવો, બેંકની અન્ય શાખા વિકાસ સમિતિના સદસ્યો, આમંત્રિતો અને અન્ય નાગરિક પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.



**બેંકનું શાપરમાં હાર્દિક સ્વાગત છે : કલ્પેશભાઇ ગજ્જર**

સરળ અને સફળ સંચાલન શ્રી રજનીકાંત રાયચુરાએ કર્યું હતું. આભારદર્શન શ્રી અમૃતભાઇ ગઢીયાએ કર્યું હતું.

**સરનામું : પ્રમુખ કોમ્પ્લેક્ષ,**
**પ્રમુખ વે–બ્રીજ, ટીલારા ગેટની પાસે, નેશનલ હાઇ–વે,**
**શાપર. ફોન : (૦૨૮૨૭) ૨૯૬૨૯૫**



## સહકાર સમન્વય કે વિવિધ કામગીરી અંગે પ્રતિભાવ જણાવો...

આપણી બેંકનું મુખપત્ર સહકાર સમન્વય ત્રિમાસિક ધોરણે પ્રસિદ્ધ થાય છે. તેમાં બેંકની વિવિધ યોજનાઓ, સભાસદ કલ્યાણકારી સુવિધાઓ, ગ્રાહક સેવાની માહિતી વગેરે પ્રસિદ્ધ થાય છે. આપને નમ્ર અનુરોધ છે કે આ મેગેઝીન અંગે કે બેંકની કામગીરી અંગે આપના પ્રતિભાવ આપશોજી.

Email : nagariksabhasad@rnsb.bank.in

Website : www.rnsb.bank.in તેમાં feedback ત્યારબાદ suggestionમાં જઇ આપના પ્રતિભાવ જણાવશો.

# રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની મેટોડા શાખાનો રંગે ચંગે ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો



રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની મેટોડા શાખાનો ઉદઘાટન સમારોહ રંગે ચંગે મેટોડા ખાતે યોજાઇ ગયો. કાર્યક્રમની શરૂઆતમાં શ્રી ભારતમાતા અને શ્રી અરવિંદભાઇ મણીઆરની તસવીર સમક્ષ મહાનુભાવો દ્વારા દીપપ્રાગટ્ય કરાયું હતું.



**નાના માણસને સંકટ સમયે જરૂરી મદદ મળે તે સેવા અને આશીર્વાદથી ઓછા નથી. બેંકે સાત દાયકાથી આ કાર્ય ખરા અર્થમાં નિભાવ્યું છે : પૂજ્ય શ્રી ભક્તિસ્વામી**

પૂજ્ય શ્રી ભક્તિસ્વામીએ આશીર્વાદ પાઠવતા જણાવ્યું હતું કે, ‘‘આ બેંકમાં આવનાર દરેક માણસ દુઃખ ભૂલી સુખી થાય તેવા આશિષ. નાના માણસને સંકટ સમયે જરૂરી મદદ મળે તે સેવા અને આશીર્વાદથી ઓછા નથી. બેંકે સાત દાયકાથી આ કાર્ય ખરા અર્થમાં નિભાવ્યું છે. અત્યારે આખું વિશ્વ અસુરક્ષિત છે, ફક્ત ભારતમાં જ સુરક્ષા છે. આપણા દેશના સાચા હીરો સરહદપરના પણ સૈનિકો અને સ્વયંસેવકો છે. બંને હંમેશા કોઈ આપત્તિના સમયે સાચી અને નિઃસ્વાર્થ મદદ કરે છે. માતૃદેવો ભવઃ, પિતૃદેવો ભવઃ, ગુરુદેવો ભવઃની જેમ આપણે સહુ પરિવાર પણ દેવો ભવઃ અપનાવીએ. પરિવારને મહત્તમ સમય અને ઉચ્ચતમ સંસ્કાર આપીએ.’’

બેંકના ચેરમેન શ્રી દિનેશભાઇ પાઠકે પ્રાસંગિકમાં જણાવ્યું હતું કે ‘‘બેંકની ટેગલાઈન છે, નાના માણસની મોટી બેંક. છેલ્લા ૭૩ વર્ષથી બેંક આ સૂત્રને ચરિતાર્થ કરતી છે. સમાજના છેવાડા માનવીની પ્રગતિ ખેવના કરી છે. બેંક માટે બિઝનેસ માધ્યમ છે, સાધ્ય નથી. બેંક એક ચોક્કસ વિચારધારાને વરેલી છે. રાજકોટ, શાપર, મેટોડાના વિવિધ ઉદ્યોગપતિઓને મળીએ ત્યારે તેઓ એટલું તો ચોક્કસ કહે છે કે અમારા વિકાસમાં, નાનામાંથી મોટા થવામાં રાજકોટ નાગરિક સહકારી બેંકનું નક્કર યોગદાન રહ્યું છે. અમારી સર્વપ્રથમ લોન રાજકોટ નાગરિક સહકારી બેંકની હતી. નાનો માણસ મોટો કેમ બને તેની ચિંતા હંમેશા રાજકોટ નાગરિક સહકારી બેંકે કરી છે. બેંક વિના ઉદ્યોગ અને ઉદ્યોગ વિના બેંક નકામા છે. બંનેનો સમન્વય થાય ત્યારે જ અર્થતંત્રનો વિકાસ થાય છે. આપણા યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી આપણા દેશના અર્થતંત્રને ત્રીજા સ્થાને લઈ જવાનું કહે છે. આ સ્વપ્ન, બેંકો–ઉદ્યોગો, આપણે સહુ સાથે મળી સાકાર કરીશું. બેંકની વ્યક્તિગત ધિરાણ મર્યાદા ₹ ૧૧૭ કરોડની છે. રાજકોટ નાગરિક સહકારી બેંક દ્વારા વિકાસની હરણફાળ ભરતા, માર્ચ માસમાં પાંચ શાખા કાર્યરત કરીશું. તે પૈકી આ બીજી શાખાનો શુભારંભ થાય છે. અમો, ગ્રાહકને અનુકૂળ હોય તેવી ટેલરમેડ પોલિસી સાથે બેંકિંગ કરી રહ્યા છીએ. સહકારી બેંકોમાં અગ્રગણ્ય રહેતા, બેંકીંગમાં ક્ષેત્રમાં મહત્તમ વપરાતો ઉચ્ચતમ ટેકનોલોજીવાળો ઈન્ફોસિસનો સોફ્ટવેર અમલમાં મૂક્યો છે.’’



**નાનો માણસ મોટો કેમ બને તેની ચિંતા હંમેશા રાજકોટ નાગરિક સહકારી બેંકે કરી છે : દિનેશભાઇ પાઠક**

શ્રી નરેન્દ્રસિંહ જાડેજાએ બેંકની મેટોડા શાખાને આવકારતા જણાવ્યું હતું કે, ‘‘ઘરઆંગણે આપ સહુનું સ્વાગત છે. ઘણા સમયથી અમો બેંકની મેટોડા શાખા ખૂલે તેની રાહ જોતાં હતા. આ આતુરતાનો આજે અંત આવ્યો છે. બેંક પ્રગતિ કરી રહી છે તેનું એક કારણ બેંક રૂપી અશ્વના અસવાર અર્થાત ટીમના કેપ્ટન એવા ચેરમેનશ્રી મજબૂત અને દૂરંદેશીવાળા છે. આવા અસવાર ત્યારે જ સફળ થાય કે જ્યારે તેમના ઘોડા સર્વોત્તમ હોય અર્થાત્ તેની ટીમમાં સૈનિકો કે કર્મચારીઓ સંનિષ્ઠ હોય.’’

બેંકની મેટોડા શાખાના પ્રભારી ડિરેક્ટરશ્રી વિક્રમસિંહ પરમારે સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, ‘‘અહીંના અનેક ઉદ્યોગગૃહ અને લોકો રાજકોટ નાગરિક સહકારી બેંક સાથે જોડાયેલા છે અને અત્યાર સુધી રાજકોટ ખાતે બેંકિંગ વ્યવહાર કરતા હતા. તેમને હવે અહીંયા સુવિધા મળશે. લોકોને સારી, અદ્યતન ગ્રાહક સેવા પૂરી પાડવા રાજકોટ નાગરિક સહકારી બેંક કટિબદ્ધ છે.’’









**મેટોડાના આંગણે બેંકનું સ્વાગત છે : નરેન્દ્રસિંહ જાડેજા**

આ અવસરે પૂજ્ય શ્રી ભક્તિસ્વામી (હિન્દુ રાષ્ટ્ર હિતરક્ષક સનાતન આશ્રમ, ખીરસરા, મેટોડા), શ્રી નરેન્દ્રસિંહ જાડેજા (પ્રમુખ–જીઆઈડીસી (લોધિકા) ઇન્ડસ્ટ્રીયલ એસોસિએશન), શ્રી પ્રફુલભાઈ ધામી (ગૌતમ ટેકનોકાસ્ટ), શ્રી વિક્રમસિંહ રાણા (જ્યોતિ સીએનસી), શ્રી મહેન્દ્રભાઇ ડાભી (સરપંચ–વડ વાજડી ગ્રામ પંચાયત), બેંક પરિવારમાંથી શ્રી દિનેશભાઇ પાઠક (ચેરમેન), શ્રી જીવણભાઈ પટેલ (વાઈસ ચેરમેન), ડિરેક્ટરગણમાંથી શ્રી વિક્રમસિંહ પરમાર (પ્રભારી ડિરેક્ટર), સી.એ. શ્રી ચંદ્રેશભાઈ ધોળકિયા, શ્રી માધવભાઈ દવે, શ્રી અશોકભાઇ ગાંધી, શ્રી કીર્તિદાબેન જાદવ, શ્રી હસમુખભાઇ ચંદારાણા, સી.એ. શ્રી ભૌમિકભાઈ શાહ, શ્રી જ્યોતિબેન ભટ્ટ, શ્રી નવીનભાઈ પટેલ, શ્રી હસમુખભાઇ હિંડોચા, બોર્ડ ઓફ મેનેજમેન્ટમાંથી શ્રી શૈલેશભાઈ ઠાકર (સદસ્ય), શ્રી જીમ્મીભાઈ દક્ષિણી (સદસ્ય), શ્રી અર્જુનભાઇ શીંગાળા (સદસ્ય), શ્રી વિનોદ શર્મા (જનરલ મેનેજર – સીઈઓ), શ્રી રજનીકાંત રાયચુરા (ડીજીએમ), મેટોડા શાખા વિકાસ સમિતિમાંથી શ્રી પાર્થભાઈ જસાણી (કન્વીનર), શ્રી હાર્દિકભાઈ પટેલ (સદસ્ય), શ્રી પ્રતીકભાઈ જીમુલિયા (બ્રાન્ચ હેડ), શ્રી વિપુલભાઈ દવે (પ્રમુખ–જાગૃત કર્મચારી મંડળ), શ્રી આકાશભાઈ વાછાણી (પ્રમુખ–રાજકોટ નાગરિક બેંક કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ.), ઉપરાંત બેંકના વિવિધ શાખા વિકાસ સમિતિના સદસ્યો, વેપાર – ઉદ્યોગના અગ્રણીઓ, વિવિધ સંસ્થાના હોદેદારો, બેંકોના ચેરમેન–મેનેજર, આમંત્રિતો અને નાગરિક પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. આભારદર્શન શ્રી અર્જુનભાઇ શીંગાળાએ અને સરળ–સફળ સંચાલન શ્રી હેમાંગભાઈ ઢેબરે કર્યું હતું.



**લોકોને સારી, અદ્યતન ગ્રાહક સેવા પૂરી પાડવા બેંક કટિબદ્ધ છે : વિક્રમસિંહ પરમાર**

**સરનામું : શોપ નં. ૧૮–૨૪, ત્રિશુલ કોમ્પલેક્ષ, હાઈ–વે, મેટોડા. ફોન : (૦૨૮૨૭) ૨૯૯૪૯૧**





# રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની દરેડ-જામનગર શાખાનો જાજરમાન ઉદ્દ્ઘાટન સમારોહ યોજાયો





**બેંક થકી નાના અને છેવાડાના માનવીનો વિકાસ થાય એ જ શુભકામના : શ્રી કૃષ્ણમણિજી મહારાજ**

બેંકની ૪૧ મી દરેડ-જામનગર શાખાનો વિધિવત પ્રારંભ થયો છે અને આ મંગલ અવસરે જાજરમાન ઉદ્દ્ઘાટન સમારોહ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં શ્રી લક્ષ્મીજી, ભારતમાતા અને શ્રી અરવિંદભાઇ મણીઆરની તસવીરો સમક્ષ મહાનુભાવો દ્વારા દીપપ્રાગટ્ય કરાયું હતું. મહેમાનોને મોમેન્ટો આપી સ્વાગત કરાયું હતું. શાખાનો મંગલ પ્રારંભ શ્રી કૃષ્ણ પ્રણામી મંદિરના પૂજ્ય ૧૦૮ શ્રી કૃષ્ણમણિજી મહારાજના શુભ હસ્તે કરવામાં આવ્યો હતો.

પ્રાસંગિક ઉદ્દ્બોધનમાં આશીર્વચન પાઠવતાં પૂજ્ય ૧૦૮ શ્રી કૃષ્ણમણિજી મહારાજે જણાવ્યું હતું કે ‘આપણા સૌની એક વિચારધારા છે કે નાના અને છેવાડાના માનવીનો વિકાસ થાય અને તે આગળ આવે.



સહકારી ક્ષેત્ર નાના લોકોને આગળ લાવે છે. આપણા દેશમાં સહકારી ક્ષેત્રનું યોગદાન મહત્ત્વપૂર્ણ રહ્યું છે. દરેડમાં શુભારંભ અવસરે સાધુવાદ આપું છું. સાથે મળીને સહુનું ભલુ કરીએ.’




**સહકારી ક્ષેત્રનું મહત્ત્વ વધ્યું છે અને હવે તેનો જમાનો આવી રહ્યો છે : શ્રી જ્યોતીન્દ્રભાઇ મહેતા**

એનયુસીએફડીસી (અંબ્રેલા)ના ચેરમેન અને ગુજરાત અર્બન કો-ઓપરેટીવ બેંકસ ફેડરેશનના ચેરમેન શ્રી જયોતીન્દ્રભાઇ મહેતાએ જણાવ્યું હતું કે, ‘અનેક સહકારી આગેવાનોએ સહકારી ક્ષેત્ર માટે લોહીનું સિંચન કર્યું છે. સહકારી ક્ષેત્રનું મહત્ત્વ વધ્યું છે અને હવે તેનો જમાનો આવી રહ્યો છે. સમાજને ખરા સમયે મદદ કરે છે અને કમાવાના હેતુથી નહિ, પરંતુ, સેવાના હેતુથી કાર્ય થાય છે. દરેડ શાખાથી એમએસએમઇના વિકાસમાં જરૂરી યોગદાન મળી રહેશે.’

બેંકના ચેરમેન શ્રી દિનેશભાઇ પાઠકે જણાવ્યું હતું કે, ‘આ માસમાં બેંકની પાંચ નવી શાખા શરૂ થઇ રહી છે તે પૈકી આ ત્રીજી શાખા કાર્યાન્વિત થઇ છે. રાજકોટ, જામનગર કે અન્યત્ર, કોઇ ઉદ્યોગપતિને મળીએ છીએ ત્યારે એક વાત અચૂક કરે છે કે અમારા શરૂઆતના સમયમાં પ્રથમ લોન રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની હતી. આ પાયાનું યોગદાન છે. દરેડના ઉદ્યોગોને ધ્યાને લઇ બેંક દ્વારા આકર્ષક અને વિશેષ વ્યાજદર અમલમાં મૂક્યા છે. ઉદ્યોગો અને બેંક એક બીજાની પૂરક છે અને સાથે મળીને જ વિકાસ કરે છે. આપણે સાથે રહીશું તો અવશ્ય સફળતા મેળવીશું. નાના માણસની મોટી બેંક સૂત્રને ખરા અર્થમાં ચરિતાર્થ કરીએ છીએ. વ્યક્તિગત ધિરાણની મર્યાદા ₹ ૧૧૭ કરોડની છે.’

આ અવસરે વિવિધ મહાનુભાવોએ બેંકની દરેડ શાખાનું સ્વાગત કરતાં શુભકામના પાઠવી હતી અને ઉદ્યોગોના વિકાસમાં બેંકનું યોગદાન મહત્ત્વપૂર્ણ બની રહેશે, તેવી લાગણી વ્યક્ત કરી હતી.



**નાના માણસની મોટી બેંક ખરા અર્થમાં ચરિતાર્થ કરીએ છીએ : દિનેશભાઇ પાઠક**

ઉદ્દ્ઘાટન સમારોહમાં પૂજ્ય ૧૦૮ શ્રી કૃષ્ણમણિજી મહારાજ (શ્રી કૃષ્ણ પ્રણામી મંદિર), શ્રી રમણીકભાઇ અકબરી (પ્રમુખ-જામનગર ચેમ્બર ઓફ કોમર્સ), શ્રીમતી બિનાબેન કોઠારી (પ્રમુખ-જામનગર શહેર ભાજપા), શ્રી વિષ્ણુભાઇ પટેલ (પ્રમુખ-જીઆઇડીસી પ્લોટ એન્ડ શેડ હોલ્ડર્સ એસોસીએશન, દરેડ), શ્રી રામજીભાઇ ગઢીયા (પ્રમુખ-જામનગર ફેકટરી ઓનર્સ એસોસીએશન), શ્રી દિનેશભાઇ ડાંગરીયા (પ્રમુખ-લઘુ ઉદ્યોગ ભારતી, સૌરાષ્ટ્ર સંભાગ), શ્રી અશોકભાઇ જોબનપુત્રા (ચેરમેન-નવાનગર કો-ઓપરેટીવ બેંક) તેમજ બેંક પરિવારમાંથી શ્રી દિનેશભાઇ પાઠક (ચેરમેન), શ્રી જીવણભાઇ પટેલ (વાઇસ ચેરમેન), ડિરેકટરગણમાંથી શ્રી હસમુખભાઇ હિંડોચા (પ્રભારી ડિરેકટર), સી.એ. શ્રી ચંદ્રેશભાઇ ધોળકીયા, શ્રી અશોકભાઇ ગાંધી, શ્રી કલ્પેશભાઇ ગજ્જર, શ્રી જ્યોતિબેન ભટ્ટ, શ્રી વિક્રમસિંહ પરમાર, સી.એ. શ્રી ભૌમિકભાઇ શાહ, સી.એ. શ્રી દીપકભાઇ બકરાણીયા, શ્રી જ્યોતીન્દ્રભાઇ મહેતા (ચેરમેન-એનયુસીએફડીસી (અંબ્રેલા)), બોર્ડ ઓફ મેનેજમેન્ટમાંથી શ્રી હંસરાજભાઇ ગજેરા (સદસ્ય), શ્રી વિજયભાઇ કોઠારી (સદસ્ય), શ્રી વિનોદભાઇ લાઠીયા (સદસ્ય), શ્રી વિનોદ કુમાર શર્મા (જનરલ મેનેજર - સીઇઓ), શ્રી રજનીકાંત રાયચુરા (ડી.જી.એમ.), દરેડ શાખા વિકાસ સમિતિમાંથી શ્રી અજીતભાઇ વોરા (કન્વીનર), શ્રી પ્રકાશભાઇ બોરસદીયા, શ્રી સુરભિબેન દવે, શ્રી રાજકુમાર શર્મા, શ્રી ધીરજલાલ સાવલીયા (સદસ્યો), વિવિધ મહાનુભાવો, બેંકની અન્ય શાખા વિકાસ સમિતિના સદસ્યો, શ્રી વિપુલભાઇ દવે (પ્રમુખ-જાગૃત કર્મચારી મંડળ), શ્રી હાર્દિકભાઇ ટાંક (બ્રાન્ચ હેડ), આમંત્રિતો અને અન્ય નાગરિક પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. સરળ અને સફળ સંચાલન શ્રી રજનીકાંત રાયચુરાએ કર્યું હતું. આભારદર્શન શ્રી સુરભિબેન દવેએ કર્યું હતું.

**સરનામું : કોપર કાઉન, મહાવીર સર્કલની બાજુમાં, જીઆઇડીસી ફેઝ-૩, દરેડ, જામનગર.**

















# રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની રેલનગર શાખાનો ભવ્યાતિભવ્ય ઉદ્ઘાટન સમારોહ યોજાયો







બેંક્ની ૪૨મી શાખાનો રેલનગરમાં પ્રારંભ થયો છે. આ મંગલ અવસરે ભવ્યાતિભવ્ય ઉદ્ઘાટન સમારોહ યોજાયેલ હતો. કાર્યક્રમની શરૂઆતમાં ભારતમાતા અને શ્રી અરવિંદભાઇ મણીઆરની તસવીર સમક્ષ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરાયું હતું. મહેમાનોને મોમેન્ટો આપી સ્વાગત કરાયું હતું. શાખાનો મંગલ પ્રારંભ શ્રી સાઇ સુખદેવલાલજીના શુભ હસ્તે કરવામાં આવ્યો હતો.

શ્રી સાઇ સુખદેવલાલજીએ જણાવ્યું હતું કે, ‘રેલનગર આસપાસના વિસ્તારમાં સિંધી પરિવારના ૧,૦૦૦ આસપાસ ઘર છે. આપ અમારા દ્વારે આવ્યા છો, ત્યારે અહીં સ્વાગત છે અને વધુ ને વધુ લોકોની જરૂરિયાતના સમયે સેવા કરો એ જ શુભકામના.’



**જરૂરિયાતમંદ લોકોની વધુને વધુ સેવા કરો : શ્રી સાઇ સુખદેવલાલજી**

બેંકના ચેરમેન શ્રી દિનેશભાઇ પાઠકે જણાવ્યું હતું કે, ‘બેંક માર્ચ માસમાં નવી પાંચ શાખા કાર્યરત કરી રહી છે, તે પૈકી આ ચોથી શાખાનો શુભારંભ થયો છે. ૧૯૫૩માં શરૂ થયેલી આ બેંકે રાજકોટના વિકાસમાં અમૂલ્ય ફાળો આપ્યો છે. શહેરનો નાગરિક કોઇને કોઇ રીતે રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. સાથે જોડાયેલો જોવા મળે છે. દેશના વિકાસમાં સહકારી ક્ષેત્રનું યોગદાન નોંધપાત્ર છે અને આપણે યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી આપણા અર્થતંત્રને ત્રીજા નંબર ઉપર લઇ જવાનું આહ્વાન કરે છે, ત્યારે સહકારી જગતનું યોગદાન ઉલ્લેખનીય રહેશે. આજના સમયમાં અદ્યતન ટેક્નોલોજીથી બેંકિંગ થઇ રહ્યું છે. આપણી બેંકે તાજેતરમાં જ ઇન્ફોસિસ કંપનીનો ફીનેકલ સોફ્ટવેર અમલમાં મૂક્યો છે. એક હૈ તો સેફ હૈ, અર્થાત્ આપણે સાથે રહીશું તો અવશ્ય સફળતા મેળવીશું.’



**આપણે સાથે રહીશું તો અવશ્ય સફળતા મેળવીશું : દિનેશભાઇ પાઠક**

રાજકોટ શહેર ભાજપ પ્રમુખ શ્રી માધવભાઇ દવેએ જણાવ્યું હતું કે, ‘રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. સહકારના મૂલ્યોને જાળવી, નિયમોનું પાલન કરતાં મજબૂતીથી અવિરત પ્રગતિ કરી રહી છે. પોલિસી ડ્રીવન આ બેંકમાં દરેક કામગીરી એકસૂત્રતા અને સમાનતાથી થાય છે. નાના માણસની મોટી બેંક લોકોના સ્વપ્ન પૂરાં કરે છે અને ક્યારેય હતાશ થવા દેતી નથી.

જાણીતા બિલ્ડર–સહકારી આગેવાન શ્રી અશોકભાઇ લશ્કરીએ જણાવ્યું હતું કે,‘સહકારી બેંકની ડીપોઝીટ, લોન કે નફો આપણા બધાનો હોય છે. બધુ જ લગભગ સ્થાનિક લેવલે જ રહે છે. સંચાલકો પણ સ્થાનિક જ હોવાથી આપણી કોઇ પણ રજુઆત સરળતાથી કરી શકાય છે. બેંકિંગના કોઇપણ વ્યવહારમાં કોઇ છુપો ચાર્જ વસુલાતો નથી. આપણે વધુ ને વધુ લોકો તેમાં જોડાઇએ અને સહુ સાથે મળીને આગળ વધીએ.’

ઉદ્ઘાટન સમારોહમાં શ્રી સાંઇ સુખદેવલાલજી (શ્રી ગુરૂ મંદિર–જંકશન પ્લોટ), શ્રી માધવભાઇ દવે (પ્રમુખ–રાજકોટ શહેર ભાજપ), શ્રી અશોકભાઇ લશ્કરી (સુંદરમ ગ્રુપ), શ્રી નરેન્દ્રસિંહ જાડેજા (પૂર્વ ડેપ્યુટી મેયર) તેમજ બેંક પરિવારમાંથી શ્રી દિનેશભાઇ પાઠક (ચેરમેન), શ્રી જીવણભાઇ પટેલ (વાઇસ ચેરમેન), ડિરેકટરગણમાંથી શ્રી હસમુખભાઇ ચંદારાણા (પ્રભારી ડિરેકટર), સી.એ. શ્રી ચંદ્રેશભાઇ ધોળકીયા, શ્રી અશોકભાઇ ગાંધી, શ્રી જ્યોતિબેન ભટ્ટ, શ્રી વિક્રમસિંહ પરમાર, સી.એ. શ્રી ભૌમિકભાઇ શાહ, શ્રી દેવાંગભાઇ માંકડ, બોર્ડ ઓફ મેનેજમેન્ટમાંથી શ્રી શૈલેષભાઇ ઠાકર, શ્રી જીમ્મીભાઇ દક્ષીણી, શ્રી હંસરાજભાઇ ગજેરા, શ્રી વિજયભાઇ કોઠારી, શ્રી વિનોદભાઇ લાઠીયા, શ્રી વિનોદ શર્મા (જનરલ મેનેજર – સીઇઓ), શ્રી રજનીકાંત રાયચુરા (ડી.જી.એમ.) ઉપરાંત રેલનગર શાખા વિકાસ સમિતિમાથી શ્રી સુનિલભાઇ ટેકવાણી (કન્વીનર), ડો. હાર્દિકભાઇ નિમ્બાર્ક, સી.એ. શ્રી વિજયભાઇ પારવાણી ઉપરાંત વિવિધ મહાનુભાવો, બેંકની અન્ય શાખા વિકાસ સમિતિના સદસ્યો, શ્રી વિપુલભાઇ દવે (પ્રમુખ–જાગૃત કર્મચારી મંડળ), શ્રી આકાશભાઇ વાછાણી (પ્રમુખ–રાજકોટ નાગરિક બેંક કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ.), શ્રી યોગેશભાઇ દવે (બ્રાન્ચ હેડ), આમંત્રિતો અને નાગરિક પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. સરળ અને સફળ સંચાલન શ્રી હેમાંગભાઇ ઢેબરે અને આભારદર્શન શ્રી વિજયભાઇ પારવાણીએ ર્ક્યું હતું.



**પોલિસી ડ્રીવન બેંકમાં પારદર્શિતા અને એકસૂત્રતા છે : શ્રી માધવભાઇ દવે**



**આપણે સહુ વધુને વધુ સહકારી બેંકનો લાભ લઇએ : શ્રી અશોકભાઇ લશ્કરી**

**સરનામું : ધ ગુલમહોર પ્લાઝા, ૮૦ ફુટ રોડ, BPCL પેટ્રોલ પંપની સામે, રેલનગર, રાજકોટ.**








રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.

Whatsapp Banking Service

વોટ્સએપ બેંકિંગ

એકાઉન્ટ સર્વિસ સિલેક્ટ કરશો એટલે આ સુવિધાઓ મળશે

- બેલેન્સ ઇન્કવાયરી
- એકાઉન્ટ સ્ટેટમેન્ટ
- ચેક સ્ટેટસ
- મિની સ્ટેટમેન્ટ
- ચેક સ્ટોપ પેમેન્ટ
- રિકવેસ્ટ ચેક બુક

કસ્ટમર સર્વિસ સિલેક્ટ કરશો એટલે આ સુવિધાઓ મળશે

- સહકાર સમન્વય મેગેઝીન ઇપેપર
- થાપણ – ધિરાણના વ્યાજદર
- ફોર્મ નં. ૧૬–એ ડાઉનલોડ
- રિ–કેવાયસી રિકવેસ્ટ

# નાના મવા શાખામાં બેંકિંગ કાર્યનો શુભારંભ





બેંકની ૪૩ મી નાના મવા શાખાનો બેંકિંગ કાર્યનો શુભારંભ થયો છે. આ અવસરે શ્રી લક્ષ્મીનારાયણ દેવની પૂજા યોજાવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી દિનેશભાઇ પાઠક (ચેરમેન), શ્રી જીવણભાઈ પટેલ (વાઈસ ચેરમેન), ડિરેક્ટરગણમાંથી સી.એ. શ્રી ભૌમિકભાઈ શાહ (પ્રભારી ડિરેક્ટર), સી.એ. શ્રી ચંદ્રેશભાઈ ધોળકિયા, શ્રી અશોકભાઇ ગાંધી, શ્રી હસમુખભાઇ ચંદારાણા, ડો. એન. જે. મેઘાણી, શ્રી કલ્પેશભાઈ ગજ્જર, બોર્ડ ઓફ મેનેજમેન્ટમાંથી શ્રી જીમ્મીભાઈ દક્ષિણી, શ્રી અર્જુનભાઇ શીંગાળા, શ્રી દીપકભાઈ મકવાણા, શ્રી હંસરાજભાઈ ગજેરા, શ્રી વિનોદભાઈ લાઠીયા, શ્રી વિનોદ કુમાર શર્મા (જનરલ મેનેજર – સીઈઓ), શ્રી રજનીકાંત રાયચુરા (ડીજીએમ), નાના મવા શાખા વિકાસ સમિતિમાંથી શ્રી જયભાઈ માવાણી (કન્વીનર), શ્રી વિરલભાઈ રાવલ, શ્રી પ્રજ્ઞેશભાઈ પટેલ, શ્રી અલ્પેશભાઈ રાણપરીયા ઉપરાંત અધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતા.



**સરનામું : ઓમ ડેકોરા ૯ સ્કેવર, ગ્રાઉન્ડ ફ્લોર, શોપ નં. ૪, નાના મવા મેઇન રોડ, સિલ્વર હાઇટ્સ સામે, રાજકોટ.**











## વાચન પરબના રસપ્રદ મણકા : શ્રી તુષાર શુકલ, શ્રી વિનેશ અંતાણી અને પ્રો. મહેન્દ્રસિંહ પરમાર

**વાંચન દ્વારા શ્રેષ્ઠ સમાજના નિર્માણની નેમ સાથે બેંક દ્વારા વાચનપરબનું આયોજન કરવામાં આવે છે. તેમાં બહોળી સંખ્યામાં શ્રોતાગણ ઉપસ્થિત રહે છે.**



### પહેલાં મોબાઈલ નહોતા કે ક્યાંકથી ફોન કરી ઘેર કહી શકાય કે મોડું થશે અને હવે છે, તો પણ નથી કહેવાતું! : તુષાર શુકલ

વાચનપરબના ૧૦૦ મા મણકામાં કવિ, લેખક, વાર્તાકાર, વક્તા, સંચાલક, પદ્મશ્રી તુષાર શુકલ લિખિત 'સંબંધનામા'ની ભાવવાહી વાત સ્વયં લેખકે રજુ કરી હતી.

શ્રી તુષાર શુકલએ રજુ કરેલ વક્તવ્ય, 'અત્યારે સમાજમાં સંબંધોની કટોકટી છે, સંવાદની કટોકટી છે. સંબંધમાં બંનેની ભૂમિકા સમાન છે. હું શબ્દોને વાપરતો નથી, ઉપયોગમાં લઉં છું. આ પુસ્તકમાં દરેક સંબંધની વાત છે. થોડાક સબંધની વાત કરીએ તો, કોઈ બારણું એટલું બધું જોરથી બંધ ન કરવું કે તેનો ખોલવા માટે હથોડાની જરૂર પડે. આપણને એમ થાય છે કે હાથ ખુલ્લા રાખીએ તો કોઈ લઈ લે. પરંતુ, એમ પણ થાય ને કે કોઈ આપી પણ દે. દીકરી વિશે, દીકરી માનો ધબકારો, દીકરી માનો શ્વાસ, ઈશ્વર એને દીકરી દેતો જેના ઉપર વિશ્વાસ. મા વિશે, સહુનું કરતી, સદાય કરતી સાચવે સહુનું મન, મનનું ગમતું કરવાનું માને નહિ થતું હોય મન. પહેલા મોબાઈલ નહોતા કે ક્યાંકથી ફોન કરી ઘેર કહી શકાય કે મોડું થશે અને હવે છે તો પણ નથી કહેવાતું ! મા અને દીકરાના સંબંધની વાત છે. પપ્પાની વાત છે. હવે આપણને આટલી બધી અનુકૂળતા આપી છે તો ક્યાંય ફાવતું નથી.'




### માનવ અસ્તિત્વના ગંભીર પ્રશ્નોને વર્ણવે છે : વીનેશ અંતાણી

વાચનપરબના ૯૯ મા મણકામાં નવલકથાકાર, ટૂંકી વાર્તા લેખક, કટાર લેખક, ભાષાંતરકાર, અતિ સંવેદનશીલ લેખક શ્રી વીનેશ અંતાણી લિખિત 'કાફલો'ની રસપ્રદ વાત સ્વયં લેખકે રજુ કરી હતી.


શ્રી વીનેશ અંતાણીએ રજુ કરેલ વક્તવ્ય, 'કાફલોમાં માનવ જીવન અને માનવ અસ્તિત્વની અલગ ભૂમિકાની વાત છે. માનવ અસ્તિત્વના ગંભીર પ્રશ્નોને વર્ણવે છે. લેખકની સર્જન યાત્રાનો મહત્વાકાંક્ષી અને મહત્ત્વનો પડાવ છે. પ્રો. નરેશ વેદ કહે છે કે કાફલો લખીને લેખકે એની કારકિર્દીમાં એક મોટું અને મહત્ત્વનું કદમ માંડ્યું છે. આજના સમયમાં આપણી જીવન વ્યવસ્થા વેરવિખેર થવા લાગી છે, સમાજ વિખેરાવા લાગ્યો છે, માણસ છિન્નભિન્ન થતો જાય છે. એકબાજુથી તે પોતાના મૂળિયાં કપાયેલાં અનુભવે છે અને બીજી બાજુ નિરાધાર થઈ જીવનની દિશા ખોઈ બેઠો છે. એ કારણે માનવ પોતાના અસ્તિત્વને વિખરતાં વ્યર્થતાની લાગણી અનુભવે છે.'

## વાચનપરબની ૧૦૦ મણકા સુધીની સફરને વધાવતા બેંકના ચેરમેન



### માતૃભાષા પ્રત્યે પ્રેમ-લાગણી પ્રદર્શિત કરવાનો આ નમ્ર પ્રયાસ છે : દિનેશભાઈ પાઠક

વાંચન પરબના ૧૦૦ મા મણકામાં પ્રાસંગિક વાત કરતાં બેંકના ચેરમેન શ્રી દિનેશભાઈ પાઠકે જણાવ્યું હતું કે, 'સહકારી અગ્રણી અને આપણી બેંકના પૂર્વ ચેરમેન શ્રી જ્યોતીન્દ્રભાઈ મહેતા ઘણી વાર તેમની વાતમાં કહે છે કે રિઝર્વ બેંક એમ કહે છે કે બેંક એટલે બેંક એટલે બેંક. આપણી બેંકના અન્ય પૂર્વ ચેરમેન શ્રી નલિનભાઈ વસાએ આ વાતને ખોટી પાડી. બેંક એટલે બેંક તો બરોબર. બેંકિંગ તો કરવું જ જોઈએ. પરંતુ, આ સિવાય પણ કંઈક કરવું જોઈએ. આ વિચારની ઉત્પત્તિ શ્રી નલિનભાઈએ કરી. આ ગંગોત્રી આગળ વધતાં વધતાં મોટા તટ ઉપર વહી જાય છે અને આગળ પણ વહેતી રહેશે. અત્યારે બધા જ સ્ક્રીન એડીક્ટ બની ગયા છે. આજના સમયમાં હર કોઈ થોડીક ક્ષણ માટે નવરા પડે એટલે મોબાઈલ હાથમાં લેશે. મોબાઈલ ક્યારે મૂકશે તે કોઈ કહી ન શકે. સ્ક્રીન એડીકશન દૂર કરવું હોય તો અન્ય સદ્પ્રવૃત્તિ કરવી પડે. બીજી સદ્પ્રવૃત્તિમાં વાંચન સારામાં સારું કહેવાય એટલે આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. આ ૧૦૦ મણકા દરમિયાન રજુ થયેલ તમામ પુસ્તકો આપણી માતૃભાષામાં પ્રસ્તુત થયાં છે. માતૃભાષા પ્રત્યે પ્રેમ-લાગણી પ્રદર્શિત કરવાનો આ એક પ્રયાસ છે.'



## વાર્તા તો તરત ઊઘડવી જોઇએ, ઊતરવી જોઇએ, પહોંચવી જોઇએ : પ્રો. મહેન્દ્રસિંહ પરમાર

વાચન પરબના ૯૮મા મણકામાં નવલકથાકાર–સમાજ સેવિકા–વાર્તાકાર હિમાંશી શેલત લિખિત 'અંધારી ગલીમાં સફેદ ટપકાં'ની વાત પ્રો. મહેન્દ્રસિંહ પરમારે રજુ કરી હતી.

પ્રો. મહેન્દ્રસિંહ પરમારે રજુ કરેલ વક્તવ્ય, 'આ પુસ્તક વિવિધ વાર્તાઓનો સંગ્રહ છે. કેટલીક વાસ્તવિકતા એવી હોય છે કે વાસ્તવિકતા તરીકે રજુ કરીએ ત્યારે તમે પોતે જ તેનાથી દાઝતા હો છો. કલા સાહિત્ય માણસને ગુનેગાર બનતો કે ભાંગી પડતો અટકાવે છે. પુસ્તક પણ એક સારવાર છે અને આપણને તૂટી પડતાં અટકાવે છે. વાર્તા તો તરત ઊઘડવી જોઇએ, ઊતરવી જોઇએ, પહોંચવી જોઇએ. લેખિકા ગુજરાતી ભાષાનાં એવાં વાર્તાકાર છે કે જે બદલાતા સમયની સાથે બદલાતા સમયની વાર્તાઓ સમયની શંખનાદ કરવા માટે નહિ પણ સમયનો ઓળખવા અને સમયની આસપાસ રહેલી ક્ષણોને અને સમયમાં રહેલા માણસોને ઓળખવા માટે છે. તેમની વાર્તામાં પાત્રો પહેલાં આવે છે ત્યાર બાદ કથા. '

# કર્મચારી નિવૃત્તિ વિદાય કાર્યક્રમ યોજાયા



શ્રી ઉદયભાઇ બારોટ : બેંકની બેડીપરા શાખાના કર્મચારી શ્રી ઉદયભાઇ બારોટનો નિવૃત્તિ વિદાય કાર્યક્રમ યોજાયેલો હતો. તેમાં શાખા વિકાસ સમિતિમાંથી શ્રી ગોરધનભાઇ કાપડીઆ (કન્વીનર), શ્રી પરાગભાઇ મહેતા, શ્રી લાખાભાઇ બગડા, શ્રી મધુરભાઇ નરસિયન (ડી.સી.એમ.), શ્રી તેજલબેન વેકરીયા (લોન–મેનેજર) અને નાગરિક પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શ્રી ધારાબેન દવેએ કર્યું હતું.



શ્રી અજયસિંહ પરમાર : બેંકની જામનગર શાખાનાં કર્મચારી શ્રી અજયસિંહ પરમારનો નિવૃત્તિ વિદાય કાર્યક્રમ યોજાયેલો હતો. તેમાં ડિરેક્ટરશ્રી શ્રી હસમુખભાઇ હિંડોચા, શાખા વિકાસ સમિતિમાંથી શ્રીમતી રાજશ્રીબેન જાની (કન્વીનર), શ્રી દિનેશભાઇ વ્યાસ (સહ–કન્વીનર), શ્રી રમણીકભાઇ વિઠલાણી, શ્રી હસમુખભાઇ સીદપરા, શ્રી સિદ્ધાર્થભાઇ વ્યાસ, શ્રી વિમલભાઇ પરમાર, દરેડ શાખા વિકાસ સમિતિમાંથી શ્રીમતી સુરભિબેન દવે, શ્રી પ્રકાશભાઇ બોરસદીયા, શ્રી રૂપેશભાઇ ચૌહાણ (મેનેજર–જામનગર શાખા), શ્રી હાર્દિકભાઇ ટાંક (મેનેજર–દરેડ શાખા) અને નાગરિક પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શ્રી મનસુખભાઇ ગજેરાએ કર્યું હતું.



શ્રી ધર્મેશભાઇ સોલંકી : બેંકના સી.ટી.એસ. વિભાગના કર્મચારી શ્રી ધર્મેશભાઇ સોલંકીનો નિવૃત્તિ વિદાય કાર્યક્રમ યોજાયેલો હતો. તેમાં શ્રી મેહુલભાઇ શાહ (એ.જી.એમ.–સીટીએસ), શ્રી કિન્નરીબેન દવે (મેનેજર), શ્રી મિતલબેન ગોરસવા (મેનેજર) અને નાગરિક પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શ્રી ભરતભાઇ કુંવરીયાએ કર્યું હતું.

ઉપરોક્ત કાર્યક્રમોમાં કર્મચારી નિવૃત્તિ વિદાય કાર્યક્રમ કમિટિમાંથી શ્રી અલ્પેશભાઇ વ્યાસ, શ્રી વિપુલભાઇ દવે, શ્રી ઉમેદભાઇ જાની, શ્રી મનસુખભાઇ ગજેરા, શ્રી ભરતભાઇ કુંવરીયા ઉપસ્થિત રહ્યા હતા.

# જસદણ શાખામાં ગ્રાહક મિલન યોજાયું





બેંકની જસદણ શાખામાં પારિવારિક માહોલમાં ગ્રાહક મિલન-૨૦૨૬ યોજાયેલું હતું અને તેમાં બહોળી સંખ્યામાં નાગરિક પરિવારજન ઉપસ્થિત રહ્યા હતા.


બેંકના ચેરમેનશ્રી દિનેશભાઇ પાઠકે જણાવ્યું હતું કે, ''સારામાં સારી ગ્રાહકસેવા માટે બેંક સતત પ્રયત્નશીલ છે. બેંકિંગ ક્ષેત્રમાં મહતમ વપરાતો સીબીએસ સોફ્ટવેર આપણી બેંકે તાજેતરમાં જ અમલમાં મૂક્યો છે. નાના માણસને મોટો બનાવવામાં રાજકોટ નાગરિક સહકારી બેંકનો મોટો ફાળો છે.''



**સારામાં સારી ગ્રાહક સેવા માટે સતત પ્રયત્નશીલ છીએઃ દિનેશભાઇ પાઠક**

બેંકની જસદણ શાખા વિકાસ સમિતિના કન્વીનર શ્રી ચંદ્રકાંતભાઈ સંઘાણીએ હાર્દિક આવકાર આપતા જણાવ્યું હતું કે, ''જસદણ શાખાને ચાર દાયકાથી વધુ સમય થયો છે. આ કઈ નાનોસૂનો નહીં, ગાઢ નાતો છે. ભવિષ્યમાં પણ આવો જ સાથ અને સહકાર મળી રહેશે એવી અપેક્ષા છે.''

બોર્ડ ઓફ મેનેજમેન્ટના વાઈસ ચેરમેન શ્રી કાર્તિકેયભાઈ પારેખે જણાવ્યું હતું કે, ''આપણી બેંક ફક્ત બેંકિંગ કાર્ય જ કરતી નથી પરંતુ સામાજિક ઉત્તરદાયિત્વમાં અગ્રેસર રહે છે. કેન્સર જેવી જીવલેણ બીમારીમાં આર્થિક સહાય સહિત અનેક સેવાકીય પ્રકલ્પો અંગે આપ વાકેફ જ છો. છેલ્લા ૧૩ વર્ષથી સભાસદોને રૂ. ૧ લાખના અકસ્માત વીમા કવચની ભેટ આપી છે.''



**બેંક સતત પ્રગતિના પંથે આગળ વધી રહી છે : રજનીકાંત રાયચુરા**

બેંકના ઈન્ચાર્જ જનરલ મેનેજર અને સીઈઓ શ્રી રજનીકાંત રાયચુરાએ કહ્યું હતું, ''બિઝનેસ, ડિપોઝિટ, ધિરાણ અને નફામાં સતત વૃદ્ધિ થઈ રહી છે. બેંક સતત પ્રગતિના પંથે આગળ વધી રહી છે.''

આ ગ્રાહક મિલનમાં બેંકના ચેરમેનશ્રી દિનેશભાઇ પાઠક, વાઇસ ચેરમેનશ્રી જીવણભાઈ પટેલ, ડિરેક્ટરગણમાંથી શ્રી શૈલેશભાઈ મકવાણા (પ્રભારી ડિરેક્ટર), શ્રી અશોકભાઇ ગાંધી, શ્રી વિક્રમસિંહ પરમાર, સી.એ. શ્રી બ્રિજેશભાઈ મલકાણ, શ્રી નવીનભાઈ પટેલ, શ્રી લલિતભાઈ વોરા, બોર્ડ ઓફ મેનેજમેન્ટમાંથી શ્રી કાર્તિકેયભાઈ પારેખ (વાઈસ ચેરમેન), શ્રી અર્જુનભાઈ શીંગાળા (સદસ્ય), શ્રી રજનીકાંત રાયચુરા (ઈન્ચાર્જ જનરલ મેનેજર), જસદણ શાખા વિકાસ સમિતિમાંથી શ્રી ચંદ્રકાંતભાઈ સંઘાણી (કન્વીનર), શ્રી ધનજીભાઈ હિરપરા (સહ-કન્વીનર), શ્રી વિરેન્દ્રભાઈ મકાણી, શ્રી ભરતભાઇ જનાણી, શ્રી જયકાંતભાઈ છાટબાર, ડો. મીનાબેન પટેલ, શ્રી જયેશભાઈ છાટપાર (એ.જી.એમ.-પ્રોજેક્ટ સી.બી.એસ.), શ્રી હેમાંગભાઈ ઢેબર (એ.જી.એમ.-બેંકિંગ), શ્રી પ્રશાંતભાઈ રુપારેલિયા (એ.જી.એમ.-ક્રેડિટ), શ્રી જયભાઈ રાયકંગોર (મેનેજર-જસદણ શાખા), શ્રી વિપુલભાઈ દવે (પ્રમુખ-જાગૃત કર્મચારી મંડળ), શ્રી મનસુખભાઇ ગજેરા (સ્ટાફ રિલેશન અધિકારી), ખાતેદારો, મહેમાનો અને નાગરિક પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે વિશિષ્ટ કેટેગરીમાં સમાવિષ્ટ



**સામાજિક ઉત્તરદાયિત્વમાં અગ્રેસર ભૂમિકા છે : કાર્તિકેયભાઇ પારેખ**





ગ્રાહકવર્ગનું સ્મૃતિભેટ આપી સન્માન કરાયું હતું. કાર્યક્રમનો શુભારંભ ભારતમાતા અને શ્રી અરવિંદભાઇ મણીઆરની તસવીર સમક્ષ દીપ પ્રાગટ્ય કર્યું હતું. બેંકની વિકાસગાથા અને આગામી આયોજનો અંગે શ્રી દિનેશભાઇ પાઠકે, સ્વાગત પ્રવચન શ્રી ચંદ્રકાંતભાઇ સંઘાણીએ, બેંકની સામાજિક જવાબદારીની વાત અને ભવિષ્યના બેંકિંગની માહિતી શ્રી કાર્તિકેયભાઇ પારેખે, બેંકની પ્રગતિની માહિતી શ્રી રજનીકાંત રાયચુરાએ, આભારવિધિ શ્રી શૈલેષભાઇ મકવાણાએ, જસદણ શાખાની માહિતી શ્રી જયભાઇ રાયકંગોરે અને સંચાલન શ્રી પ્રકાશભાઇ પ્રજાપતિએ કર્યું હતું. વંદે માતરમના ગાન સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

આ તકે પ્રોજેક્ટ સી.બી.એસ.ના એ.જી.એમ. શ્રી જયેશભાઇ છાટપારે બેંક ખાતા સુરક્ષા સંબધિત માહિતી, સાયબર અવેરનેસ અને થોડીક બેદરકારીથી કે ઉતાવળથી આર્થિક ફ્રોડનો શિકાર બની જશો માટે સાવચેતી એ જ સલામતી વિષયક વિસ્તૃત માહિતી આપી હતી.



# બેંકની ઉદ્યોગનગર શાખામાં ખાતેદારો સાથે શાખા વિકાસ સમિતિ અને અધિકારીગણનો વિચાર વિમર્શ...



આપણી બેંકની ઉદ્યોગનગર શાખામાં વિવિધ ખાતેદારો સાથે શાખા વિકાસ સમિતિ અને અધિકારીગણ સાથે વિચાર વિમર્શ યોજાયેલ હતો.

ઉદ્યોગનગર શાખા વિકાસ સમિતિના કન્વીનર ડો. ભાસ્કરભાઇ ભટ્ટે જણાવ્યું હતું કે, 'આ વિસ્તારની ઓળખ જ નાગરિક બેંક ચોક તરીકે પ્રસ્થાપિત થઇ છે અર્થાત્ બેંકની નામના કેટલી હશે તે આપ જાણી શકો છો. આજે પણ કોઇને સોના ધિરાણ લેવું હોય એટલે ઉદ્યોગનગર શાખામાં પહોંચી જાવ એમ જ કહે છે. આસપાસના વેપાર–ઉદ્યોગના વિકાસમાં બેંકનું યોગદાન રહેલું છે. બેંકના વિકાસને લગતું કોઇપણ સૂચન હંમેશા આવકાર્ય છે.'

બેંકના એજીએમ–બેંકિંગ શ્રી હેમાંગભાઇ ઢેબરે જણાવ્યું હતું કે, 'આપણી બેંક અદ્યતન ટેકનોલોજી સાથે વિવિધ ગ્રાહક સેવા આપી રહી છે. આપ સહુ વર્ષોથી બેંક સાથે જોડાયેલા છો એટલે અમારી કામગીરીથી સારી રીતે વાકેફ છો.'



**ઉદ્યોગનગર શાખા આ વિસ્તારમાં આગવી ઓળખ ધરાવે છે : ડો. ભાસ્કરભાઈ ભટ્ટ**

આ તકે ઉદ્યોગનગર શાખા વિકાસ સમિતમાંથી ડો. શ્રી ભાસ્કરભાઇ ભટ્ટ (કન્વીનર), શ્રી જયંતીભાઇ પરમાર (સહ–કન્વીનર), શ્રી નારણભાઇ બાબીયા, શ્રી હેમાંગભાઇ ઢેબર (એ.જી.એમ.–બેંકિંગ), જાગૃત કર્મચારી મંડળમાંથી શ્રી વિપુલભાઇ દવે (પ્રમુખ), શ્રી તૃપ્તિબેન જોશી, શ્રી અમરભાઇ શાહ (ડી.સી.એમ.), શ્રી નિષ્ઠાબેન દાવડા (મેનેજર–લોન), શ્રી મનસુખભાઇ ગજેરા (સ્ટાફ રિલેશન અધિકારી) અને અન્ય નાગરિક પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.



# બેંકના ચેરમેનશ્રી દિનેશભાઈ પાઠકની વિવિધ સંસ્થાઓ-પ્રસંગોમાં વિશેષ ઉપસ્થિતિ



શ્રી કષ્ટભંજન દેવ–સાળંગપુર દ્વારા રાજકોટમાં શ્રી હનુમાન ચાલીસા યુવા કથાનું વિશિષ્ટ આયોજન કરાયું હતું. આ અવસરે બેંકના ચેરમેનશ્રી દિનેશભાઈ પાઠક, ડિરેક્ટરગણમાંથી સી.એ. શ્રી ચંદ્રેશભાઈ ધોળકીયા, શ્રી નવીનભાઈ પટેલ, શ્રી વિક્રમસિંહ પરમાર, શ્રી હસમુખભાઈ ચંદારાણા, સી.એ. શ્રી ભૌમિકભાઈ શાહ, શ્રીમતી જ્યોતિબેન ભટ્ટ, બોર્ડ ઓફ મેનેજમેન્ટમાંથી શ્રી હંસરાજભાઈ ગજેરા, પરાબજાર શાખા વિકાસ સમિતિમાંથી શ્રી મંગેશભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યાં હતાં અને ભક્તિનો લાભ લીધો હતો.



આપણી બેંકના ચેરમેનશ્રી દિનેશભાઈ પાઠક અર્હમ્ યુવા સેવા ગ્રુપ અને કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા મકરસંક્રાતિ પર્વે ઘાયલ પક્ષીઓની તાત્કાલીક સારવાર માટે વિશેષ કેમ્પ કરાયો હતો તેની મુલાકાત લઈ, કામગીરી નિહાળી હતી. ડિરેક્ટરગણમાંથી સી.એ. શ્રી ભૌમિકભાઈ શાહ, શ્રી વિક્રમસિંહ પરમાર સાથે ઉપસ્થિત રહ્યા હતા.



આપણી બેંકના ચેરમેનશ્રી દિનેશભાઈ પાઠક, બેંકના પૂર્વ ડિરેક્ટર–સહકારી અગ્રણી–વડીલ સ્વ. મનોજભાઈ પારેખની સ્મૃતિમાં યોજાયેલ વિશેષ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ. સાથે ડિરેક્ટરગણમાંથી સી.એ. શ્રી ચંદ્રેશભાઈ ધોળકીયા, શ્રી અશોકભાઈ ગાંધી, શ્રી વિક્રમસિંહ પરમાર, શ્રી કલ્પેશભાઈ ગજ્જર, સી.એ. શ્રી ભૌમિકભાઈ શાહ, સી.એ. શ્રી બ્રિજેશભાઈ મલકાણ, શ્રી હસમુખભાઈ ચંદારાણા, શ્રી નવીનભાઈ પટેલ, શ્રી લલિતભાઈ વોરા, શ્રી શૈલેષભાઈ મકવાણા (કો–ઓપ્ટ), બોર્ડ ઓફ મેનેજમેન્ટના વાઈસ ચેરમેનશ્રી કાર્તિકેયભાઈ પારેખ, શ્રી રજનીકાંત રાયચુરા (ડીજીએમ) ઉપસ્થિત રહેલ.

# બેંકની મુલાકાતે વિવિધ ક્ષેત્રના મહાનુભાવો



આપણી બેંકની મુલાકાતે અપના બજારના ચેરમેન શ્રી મહેશભાઈ કોટક પધાર્યા હતા. ચેરમેનશ્રી દિનેશભાઈ પાઠકે પુસ્તક અને રૂમાલ આપી તેમનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે વાઈસ ચેરમેનશ્રી શ્રી જીવણભાઈ પટેલ, ડિરેક્ટરશ્રી વિક્રમસિંહ પરમાર, એસ.વી.પી. રોડ શાખા વિકાસ સમિતિના સહ–કન્વીનર શ્રી અરવિંદભાઈ સોજીત્રા ઉપસ્થિત રહ્યા હતા.



આપણી બેંકની મુલાકાતે નેશનલ અર્બન કો–ઓપરેટીવ ડેવલપમેન્ટ ફાયનાન્સ કોર્પોરેશન (અંબ્રેલા)ના શ્રી સુમિત હંસ, શ્રી પ્રણવ દેસાઈ અને અધિકારીગણ પધારેલ હતા. ચેરમેનશ્રી દિનેશભાઈ પાઠકે પુસ્તક અને રૂમાલ આપી તેમનું સન્માન કરાયેલું હતું. આ પ્રસંગે ડિરેક્ટરગણમાંથી સી.એ. શ્રી ચંદ્રેશભાઈ ધોળકીયા, શ્રી ચિરાગભાઈ રાજકોટીયા, બોર્ડ ઓફ મેનેજમેન્ટમાંથી શ્રી જીમ્મીભાઈ દક્ષીણી, શ્રી વિનોદ શર્મા (જનરલ મેનેજર–સીઈઓ) ઉપસ્થિત રહ્યા હતા.



આપણી બેંકની મુલાકાતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના પ્રાંત ઉપાધ્યક્ષ શ્રી રાજેશભાઈ ડોડીયા પધારેલા હતા. ચેરમેનશ્રી દિનેશભાઈ પાઠકે પુસ્તક અને રૂમાલ આપી તેમનું સન્માન કરાયેલું હતું. આ પ્રસંગે વાઈસ ચેરમેનશ્રી જીવણભાઈ પટેલ, ડિરેક્ટરશ્રી નવીનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રખર સહકારી કાર્યકર શ્રી જ્યોતીન્દ્રભાઈ મહેતાનો અમૃત મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો

**'વિના સહકાર નહિ ઉદ્ધાર' અને 'વિના સંસ્કાર નહીં સહકાર'ના મંત્રને શ્રી જ્યોતીન્દ્રભાઈ મહેતાએ ખરા અર્થમાં સાકાર કરેલ છે : સુરેશજી પ્રભુ**

શ્રી જ્યોતીન્દ્રભાઈ મહેતાની ૭૫ મી વર્ષગાંઠ નિમિતે અમૃત મહોત્સવનું આયોજન સરદાર પટેલ મેમોરિયલ હોલ, અમદાવાદ ખાતે તાજેતરમાં કરવામાં આવ્યું.

કેન્દ્રીય મંત્રી શ્રી સુરેશજી પ્રભુએ તેના ઉદબોધનમાં જણાવ્યું કે 'વિના સહકાર નહિ ઉદ્ધાર' અને 'વિના સંસ્કાર નહી સહકાર'ના મંત્રને શ્રી જ્યોતીન્દ્રભાઈ મહેતાએ સંપૂર્ણ કરી સાર્થક કર્યો છે. તેઓની સહકારની ભાવના સાથે તેમના ઉચ્ચ સંસ્કાર અને સાચા અર્થમાં સહકારી કાર્યકર્તા તરીકે બિરદાવી દીર્ઘાયુ તેમજ રાષ્ટ્ર અને સમાજને માટે વધુ યોગદાન મળતું રહે તેવી શુભકામના આપી હતી.

**મહેતા પરિવાર તરફથી ઉપસ્થિત રહેનાર તમામ વ્યક્તિને ૬ નંગ ચોપડાનો એક સેટ ભેટ આપવામાં આવેલ.**

આ પ્રસંગે ભાજપ ગુજરાતના પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા, ભારત સરકારના પૂર્વ વાણિજ્ય મંત્રી શ્રી સુરેશજી પ્રભુ, રિઝર્વ બેંક ઓફ ઇંડિયાના ડિરેક્ટર શ્રી સતીશજી મરાઠે, સહકાર ભારતીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી ઉદયજી જોશી, ઈફકોના પ્રમુખ શ્રી દિલીપભાઇ સંઘાણી, ગુજરાત સ્ટેટ કો–ઓપરેટીવ બેંકના ચેરમેન શ્રી અજયભાઈ પટેલ, સહકાર ભારતીના ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી નલિનભાઇ વસા, રાજકોટ નાગરિક સહકારી બેંકના ચેરમેન શ્રી દિનેશભાઇ પાઠક તથા અન્ય સહકારી કાર્યકર્તા તેમજ ગુજરાતની તથા અન્ય રાજયોની સહકારી બેંકોના ચેરમેન તથા ડાયરેક્ટરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સહકાર ભારતીના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તેમજ ગુજરાત અર્બન કો–ઓપરેટીવ બેંકસ ફેડરેશનના વાઇસ ચેરમેન શ્રી કાંતિભાઈ પટેલે મંચસ્થ સહકારી અગ્રગણ્ય કાર્યકર્તાનો પરિચય આપી અમૃત મહોત્સવનું સફળ સંચાલન કર્યું. તેમણે તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે શ્રી જ્યોતીન્દ્રભાઇ મહેતાનું સન્માન એક કર્મનિષ્ઠ કાર્યકર્તાનું સન્માન છે જે અન્ય સહકારી કાર્યકર્તાને પ્રેરણા બળ પૂરુ પાડશે.

ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશભાઇ વિશ્વકર્માએ, શ્રી જ્યોતીન્દ્રભાઇ મહેતાને એક સત્યનિષ્ઠ સહકારી કાર્યકર છે. તેમના દ્વારા કો–ઓપરેટીવ સેક્ટરના હિતમાં જે કાર્યો થયા તે સરાહનીય છે. તે માટે ખૂબ ખૂબ અભિનંદન અને તેમના દીર્ઘાયુ માટેની શુભ કામનાઓ પાઠવી.

**જ્યોતીન્દ્રભાઈ મહેતાથી સહકાર ભારતીની રાષ્ટ્રીય સ્તરે એક આગવી પહેચાન ઉભી થઈ**

સહકાર ભારતીના શ્રી ઉદયજી જોશીએ શ્રી જ્યોતીન્દ્રભાઇ મહેતાને એક રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ તેમજ સહકાર ભારતીના તેમના બે સમયના અધ્યક્ષપદ હેઠળ જે કાર્ય થયા અને સહકાર ભારતીની રાષ્ટ્રીય સ્તરે એક આગવી પહેચાન ઉભી થઈ તેનો ઉલ્લેખ કર્યો.

**જાહેર જીવનમાં જે સંસ્કારની આવશ્યકતા છે તે માનનીય લક્ષ્મણરાવ ઈનામદાર (વકીલ સાહેબ) પાસેથી મેળવ્યા : જ્યોતીન્દ્રભાઈ મહેતા**

સન્માન બાદ લાગણીશીલ પ્રતિભાવ આપતા શ્રી જ્યોતીન્દ્રભાઇ મહેતાએ જણાવ્યું કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં જોડાયા પછી જીવનમાં એક નવી જ ચેતના આવી અને સમર્પણનો ભાવ વિકસવા લાગ્યો. સાથે સાથે રાષ્ટ્ર અને સમાજ પર્ત્યેની એક સાચા નાગરિક તરીકેની ફરજો અને અન્યાય સામેની લડત માટે એક નવી ઊર્જા પ્રાપ્ત થઈ. જાહેર જીવનમાં જે સંસ્કારની આવશ્યકતા છે, તે માનનીય લક્ષ્મણરાવ ઈનામદાર (વકીલ સાહેબ) પાસેથી મેળવ્યા. આ તકે પરમ મિત્ર અને ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી માનનીય વિજયભાઈ રૂપાણીને યાદ આવે છે. આ ઉપરાંત શ્રીમતી મીરાબેન મહેતાના તેમના જાહેર જીવનમાં કાર્યમાં સાથ અને સહકાર બદલ આભાર.

આભાર દર્શન શ્રી નલિનભાઈ વસાએ કર્યું હતું. આ અમૃત મહોત્સવમાં ૧૦૦થી વધુ સંસ્થાના ૮૫૦થી વધારે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



# રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. પ્રજાસત્તાક પર્વ અવસરે ધ્વજ વંદન અને ભારતમાતા પૂજન યોજાયું






તા. ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ને ૭૭માં પ્રજાસત્તાક પર્વ અવસરે રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની રાજકોટ અને બહારગામની તમામ શાખાઓમાં ધ્વજ વંદન અને ભારત માતા પૂજન યોજાયું હતું. રાજકોટ ખાતે હેડ ઓફિસે યોજાયેલ ધ્વજવંદનમાં અતિથિવિશેષ તરીકે ડો. સંજીવભાઈ ઓઝા (વિભાગ સંચાલકજી રાજકોટ – રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ) અને શ્રી રમેશભાઈ ખીચડીઆ (એમ.ડી. કૅપ્ટન પોલીપ્લાસ્ટ) ઉપસ્થિત રહ્યા હતા. બેંક પરિવારમાંથી શ્રી દિનેશભાઇ પાઠક (ચેરમેન), શ્રી જીવણભાઈ પટેલ (વાઈસ ચેરમેન), ડિરેક્ટરગણમાંથી શ્રી માધવભાઈ દવે, શ્રી અશોકભાઈ ગાંધી, શ્રી નવીનભાઈ પટેલ, શ્રી હસમુખભાઈ ચાંદરાણા, શ્રી વિક્રમસિંહ પરમાર, સી.એ. શ્રી ભૌમિકભાઈ શાહ, શ્રી એન. જે. મેઘાણી, શ્રી કીર્તિદાબેન જાદવ, શ્રી જ્યોતિબેન ભટ્ટ, શ્રી વિનોદ શર્મા (સીઈઓ–જનરલ મેનેજર), બોર્ડ ઓફ મેનેજમેન્ટના સદસ્યો શ્રી દીપકભાઈ મકવાણા, શ્રી વિજયભાઈ કોઠારી, શ્રી વિનોદભાઈ લાઠીયા, શાખા વિકાસ સમિતિના સદસ્યો, ડેલિગેટ, આમંત્રિતો અને નાગરિક પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રીય પર્વને ઉત્સાહભેર વધાવતા કર્મચારીઓશ્રી નિકુંજભાઈ નિમવત, શ્રી મોનાબેન ભાલોડિયા, શ્રી મેઘાબેન રેવર અને શ્રી હિરવાબેન પટોળિયાએ મનમોહક રંગોળી બનાવી હતી.


આ અવસરે મહાનુભાવોએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આભારદર્શન સી.એ. શ્રી ભૌમિકભાઈ શાહે તેમજ સરળ–સફળ સંચાલન શ્રી યોગેશભાઈ દવેએ કર્યું હતું.

**આપણામાં નાગરિક બોધ જાગે, આજના દિવસે બિલકુલ ઉપયુક્ત લાગે છે : દિનેશભાઇ પાઠક**

બેંકના ચેરમેનશ્રી દિનેશભાઇ પાઠકે શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે, ‘૧૯૫૦માં આજના દિવસે આપણું સંવિધાન અમલમાં આવ્યું. આ સંવિધાન આપણે જ બનાવ્યું છે. અત્યારે આપણને પ્રતિતિ થઇ રહી છે. સ્વને વળગી રહીને સ્વનું સંવિધાન કેવું હોવું જોઇએ. એ તરફ આપણે આગળ વધી રહ્યા છીએ. કોઇપણ દેશની પ્રજા, એના નાગરિકોની દેશ પ્રત્યેની સમર્પિતતા કેટલી છે, તેના ઉપર આંકવામાં આવતી હોય છે. જો તેનો નાગરિક સમર્પિત નહીં તો હોય તો તે દેશની શોભામાં ક્યાંક ને ક્યાંક ઓછપ આવે છે. આ દેશ માટે સમર્પિત રહેવું, જીવવું, પ્રાસંગિક જ નહિ, પરંતુ, નિરંતર અને ચિરકાળ સુધી રહેવું એ પણ જરૂરી છે. કોઇ પણ દેશ સબળ છે, તાકતવર છે, એની વિશ્વમાં ક્યાંક ને ક્યાંક નોંધ લેવાય છે. જો તેની માપણી કરવી હશે તો ત્રણ મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જોઇશે. આપણા અંતરમાં દેશ માટે સંપૂર્ણ ભક્તિભાવ હોવો જોઇએ. મારી દરેક પ્રવૃત્તિમાં મારું રાષ્ટ્ર કેન્દ્રસ્થાને હોવું જોઇએ. હું દેશ માટે જે કંઇ કરી રહ્યો છું તેમાં દેશનું હિત છે કે અહિત, આનો વિચાર કેન્દ્રસ્થાને હોવો જોઇએ. પામવા માટેનું સામર્થ્ય હોવું જોઇએ. આપણામાં નાગરિક બોધ જાગે, એ આજના દિવસે બિલકુલ ઉપયુક્ત લાગે છે.




**આપણે પ્રમાણિક પણે કામ કરવું જોઇએ એ દેશસેવા જ ગણાશેઃ રમેશભાઇ ખીચડીયા**



શ્રી રમેશભાઇ ખીચડીયાએ વકતવ્યમાં જણાવ્યું હતું કે, ‘આપણે સ્વદેશી વસ્તુ અપનાવી જોઇએ. નાગરિક કર્તવ્યની વાત કરીએ તો આપણે કોઇ પણ કાર્ય પ્રામાણિકપણે કાર્ય કરવું એ મોટી દેશ સેવા જ ગણાશે. વ્યસનમુક્તિ અપનાવીએ તે આજના અવસરે ખૂબ જ આવશ્યક છે.’







**આજના સમયમાં દેહની પૂજા, દેવની પૂજાની જેમ દેશની પૂજા જરૂરી બની છેઃ ડો. સંજીવભાઇ ઓઝા**

ડો. સંજીવભાઇ ઓઝાએ જણાવ્યું હતું, 'અહીં ઉપસ્થિત પૈકી મોટાભાગના લોકો આઝાદ ભારતમાં જન્મેલા જોવા મળે છે. સમગ્ર વિશ્વનાં માનવી દેહની પૂજા કરે છે જ્યારે ભારતનો માનવી દેહની સાથોસાથ દેવની પણ પૂજા કરે છે અને એ આ ભારત ભૂમિની વિશેષતા છે. આજના સમયમાં દેહની પૂજા, દેવની પૂજાની જેમ દેશની પૂજા જરૂરી બની છે. આપણી દેશભક્તિનું સ્વમૂલ્યાંકન કરવાનો દિવસ એટલે ગણતંત્ર દિવસ.'




**તુરંત નજીકની શાખાનો સંપર્ક કરો અથવા M. 85117 85085**
**પર મિસ્ડ કોલ કરો અને બેંકની યોજનાની માહિતી મેળવો**


# સભાસદોને રૂા. ૧ લાખનું વીમા સુરક્ષાકવચ પરિવાર માટે સંકટ સમયનો આર્થિક સધિયારો



મોરબી શાખા : બેંકના સભાસદ શ્રી જગદીશભાઇ હીરાણીના દુઃખદ અવસાન બાદ બેંકે લીધેલ સભાસદોના ગ્રૂપ વીમા અંતર્ગત રૂા. ૧ લાખના વીમાની રકમનો ચેક આપતા ડાબેથી શ્રી પૂર્વીશાબેન હરણવા, સી.એ. શ્રી દિપકભાઇ બકરાણીયા, શ્રી રમેશભાઇ અઘારા અને શ્રી ગોપીબેન હીરાણી (વારસદાર)



સુરત શાખા : બેંકના સભાસદ શ્રી મનોજભાઇ દોધારેના દુઃખદ અવસાન બાદ બેંકે લીધેલ સભાસદોના ગ્રૂપ વીમા અંતર્ગત રૂા. ૧ લાખના વીમાની રકમનો ચેક આપતા ડાબેથી શ્રી કાજલબેન ભુવા, શ્રી ભૂમિબેન, શ્રી પ્રતીકભાઇ પરીખ અને શ્રી સંગીતાબેન દોધારે (વારસદાર)





ભુપેન્દ્ર રોડ શાખા : બેંકના સભાસદ શ્રી ચિન્મયભાઇ ભટ્ટના દુઃખદ અવસાન બાદ બેંકે લીધેલ સભાસદોના ગ્રૂપ વીમા અંતર્ગત રૂા. ૧ લાખના વીમાની રકમનો ચેક આપતા ડાબેથી શ્રી આનંદભાઇ શુકલ, શ્રી દર્શકભાઇ કારીયા, સીએ. શ્રી બ્રિજેશભાઇ મલકાણ, શ્રી કિરીટભાઇ શેઠ, શ્રી નિલેષભાઇ વોરા, શ્રી કેતનભાઇ ઠક્કર અને શ્રી ઉર્વીબેન ભટ્ટ (વારસદાર)



ઉદ્યોગનગર શાખા : બેંકના સભાસદ શ્રી ભરતભાઇ લાઠીયાના દુઃખદ અવસાન બાદ બેંકે લીધેલ સભાસદોના ગ્રૂપ વીમા અંતર્ગત રૂા. ૧ લાખના વીમાની રકમનો ચેક આપતા ડાબેથી શ્રી ભાર્ગવભાઇ પોપટ, શ્રી નારણભાઇ બાબીયા, શ્રી હિતેન્દ્રભાઇ વિરમગામા, શ્રી વિરલભાઇ રાવલ, શ્રી જયંતીભાઇ પરમાર, શ્રી કીર્તિદાબેન જાદવ, શ્રી પ્રદીપભાઇ સોજીત્રા, શ્રી અમરભાઇ શાહ અને શ્રી ધર્મેશભાઇ લાઠીયા (વારસદાર)

એસ.વી.પી. – કેનાલ રોડ શાખા : બેંકના સભાસદ શ્રી પ્રજેશભાઇ ગોહેલના દુઃખદ અવસાન બાદ બેંકે લીધેલ સભાસદોના ગ્રૂપ વીમા અંતર્ગત રૂા. ૧ લાખના વીમાની રકમનો ચેક આપતા ડાબેથી શ્રી લાલજીભાઇ રાદડીયા, સીએ. શ્રી બ્રિજેશભાઇ મલકાણ, શ્રી અરવિંદભાઇ સોજીત્રા, શ્રી નરેન્દ્રભાઇ બુસા, શ્રી સુનિલભાઇ કોઠારી અને શ્રી સ્મિતાબેન ગોહેલ (વારસદાર)

**સહકાર સમન્વય તેમજ અન્ય સર્વિસ મેળવવા માટે અહીં આપેલ ક્યુઆર કોડ સ્કેન કરો, ૯૪૨૮૨ ૯૪૨૮૨ પર Hi લખી સેન્ડ કરો. અને મેળવો વિવિધ સુવિધાઓ...**



જુનાગઢ શાખા : બેંકના સભાસદ શ્રીમતી સ્નેહલબેન પોપટના દુ:ખદ અવસાન બાદ બેંકે લીધેલ સભાસદોના ગ્રૂપ વીમા અંતર્ગત રૂા. ૧ લાખના વીમાની રકમનો ચેક આપતા શ્રી હિતેષભાઇ સુખાનંદી (ભોલાભાઇ) અને શ્રી બ્રિજેશભાઇ પોપટ (વારસદાર)



કોઠારીયા રોડ શાખા: બેંકના સભાસદ શ્રી હિતેષભાઇ સોલગામાના દુ:ખદ અવસાન બાદ બેંકે લીધેલ સભાસદોના ગ્રૂપ વીમા અંતર્ગત રૂા. ૧ લાખના વીમાની રકમનો ચેક આપતા ડાબેથી શ્રી હરેશભાઇ વસોયા, શ્રી કુલદીપસિંહ ચૌહાણ અને શ્રી સોનલબેન સોલગામા (વારસદાર)

# બેંકમાં 'ફિનેકલ' સોફ્ટવેરનો સફળતાપૂર્વક અમલ...



આપણી બેંકમાં તા. ૨૭ જાન્યુઆરી ૨૦૨૬થી એક નવી શરૂઆત થઇ છે. દેશ-વિદેશની ખ્યાતનામ બેંકોમાં મહત્તમ વપરાતો ઇન્ફોસીસ કંપનીનો કોર બેંકિંગ સોફ્ટવેર, 'ફિનેકલ' સફળતાપૂર્વક અમલી બન્યો છે.

આ અંગે વધુ માહિતી આપતા બેંકના ચેરમેન દિનેશભાઇ પાઠકે જણાવ્યું હતું કે, 'આજના યુગમાં દરેક ક્ષેત્રમાં આધુનિકતમ ટેકનોલોજીનો મહત્તમ વપરાશ થઇ રહ્યો છે. આના પગલે પગલે, આપણી બેંક દ્વારા દેશભરમાં નામાંકિત ઇન્ફોસિસ કંપનીનો કોર બેંકિંગ સોફ્ટવેર, 'ફિનેકલ'નો અમલ શરૂ કર્યો છે. સભાસદો – ખાતેદારોને અદ્યતન બેંકિંગ સુવિધા આપવા માટે ટીમ નાગરિક સજ્જ બની છે. આ સોફ્ટવેરની વિશેષતા એ છે કે બેંકિંગ ક્ષેત્રમાં મહત્તમ બેંકો તેનો વપરાશ કરી રહી છે. ઇન્ફોસિસનો 'ફિનેકલ' સોફ્ટવેર અદ્યતન ટેકનોલોજીથી સજ્જ છે અને ભવિષ્યની જરૂરિયાતો માટે પણ અનુકૂળ છે. આથી બેંકે ફિનેકલ પસંદ કર્યું છે. રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા હંમેશા આવનારા સમયને પારખીને ટેકનોલોજીને આવકારી શ્રેષ્ઠ ગ્રાહક સુવિધા અપાઇ છે. 'ફિનેકલ' સોફ્ટવેર દ્વારા આ પરંપરાને અવશ્ય જાળવીશું.'

**સભાસદો-ખાતેદારોને અદ્યતન બેંકિંગ સુવિધા આપવા માટે ટીમ નાગરિક સજ્જ : દિનેશભાઇ પાઠક**

'ફિનેકલ' સોફ્ટવેરની વિશેષતા જોઇએ તો, હાલમાં ૪૩ શાખાઓ કાર્યરત છે. નવો સોફ્ટવેર ફુલી સ્કેલેબલ છે, તેનાથી અગણિત બ્રાંચમાં કામ કરી શકાશે. રોબસ્ટ ટેકનોલોજી અને ફીચર્સથી સજ્જ છે. અત્યાર સુધી મેન્યુઅલ થતાં મોટાભાગનાં કામો સોફ્ટવેરની મદદથી ઓટોમેટીક અને ઝડપી થઇ શકે છે. સાયબર સુરક્ષાના વિવિધ ધારાધોરણોમાં સફળતાથી પાસ થયેલ છે. ભવિષ્યની ટેકનોલોજીને આ સોફ્ટવેર સાથે સાંકળવું સહેલું બનશે. ફિનેકલ સોફ્ટવેરના વપરાશ ડિજિટલ બદલાવ, પારદર્શિતા અને ગ્રાહકની સાનુકૂળતાની સાથે સહકારી સિદ્ધાંતો મજબૂતીથી જાળવે છે.

'નાના માણસની મોટી બેંક'ના સૂત્રને સાર્થક કરતી, રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. ટેકનોલોજીની સાથે મૂલ્યોને જાળવી આવનારા સમયમાં સર્વોત્તમ ગ્રાહક સુવિધા પૂરી પાડવા કટિબદ્ધ છે.

# ફૂલછાબ અને રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ના ઉપક્રમે 'સ્માર્ટ ગૃહિણી સેમિનાર' યોજાયો



બેંકની હેડ ઓફિસ, રાજકોટ ખાતે યોજાયેલ સેમિનારમાં મહિલાઓ માટે ઉપયોગી માહિતીનો રસથાળ પિરસાયો.

આ સેમિનારમાં રસોડાના ડબ્બાને આપો પ્રગતિની પાંખો... અંતર્ગત સ્માર્ટ બચતનું ગણિત, સાઈબર સુરક્ષા, ઇમરજન્સી ફંડ, તમારા પછી તે બચતનું કોણ? (નોમિનેશન), સરકારની વિવિધ યોજનાઓ અને ડિજિટલ લોકર વિષયક ગહન અને સરળ માહિતી પીરસવામાં આવી હતી.



શ્રી જવલંતભાઇ છાયાએ જણાવ્યું હતું કે, 'ફૂલછાબ સૌરાષ્ટ્રના જન-જનનું પોતાનું પોતીકું અખબાર છે. બચતમાં બહેનોની ભૂમિકા શું છે ? તેણી હોમ મેનેજર છે. કોરોના વખતે તેમની બચતનો આપણે ખ્યાલ આવ્યો, સંકટ સમયે ઉપયોગ પણ થયો.



શ્રી નરેન્દ્રભાઇ ઝીબાએ જણાવ્યું હતું કે, 'મા અને માતૃભૂમિ સ્વર્ગથી પણ ઉત્તમ છે. નારી તું નારાયણી કહેવાય છે. બચતને સાચવવાનો અને હવે તો તેને કમાણીમાં ફેરવવાનો સમય છે. મા હંમેશા બાળકને સારું જ શીખવાડે, મા નુ બીજું સ્વરૂપે એટલે ફૂલછાબ.'



શ્રી પી. બી. જાડેજા સાહેબે જણાવ્યું હતું કે, 'ડર, લાલચ અને આળસને કારણે સાઈબર ક્રાઇમનો ભોગ બનીએ છીએ. સોશ્યલ મીડીયા સબંધીત ફ્રોડથી બચો. બોગસ એપ ડાઉનલોડ કરવાનું ટાળવું જોઇએ. જો સાઈબર ક્રાઇમનો ભોગ બનો તો ૧૯૩૦ ઉપર ફોન કરો.'




શ્રી ઋત્વીબેન વોરાએ જણાવ્યું હતું કે, 'આપણે પૈસા અને વસ્તુની બચત કરીએ છીએ. બચાવેલા પૈસાને પ્રગતિની અર્થાત્ કમાણીની પાંખો આપવાનો સમય છે.'



શ્રી ચાંદનીબેન પારેખે જણાવ્યું હતું કે, 'ગૃહિણી ઇમરજન્સી ફંડ કેવી રીતે ભેગું કરે છે અને કેવો ઉપયોગ કરે છે ? મુશ્કેલી આવે ત્યારે પૈસાનો ગોતવા જાઇએ એ ખોટું છે. જરૂરિયાતના સમયે કામ આવતું ફંડ એટલે ઇમરજન્સી ફંડ.'



શ્રી ધારાબેન દીયાએ જણાવ્યું હતું કે, 'તમારા પછી તે બચતનું કોણ ? અર્થાત નોમિનેશન. જો આપની હયાતીમાં આપે વારસદાર નીમેલ હશે તો પાછળથી તેઓને સરળતાથી પૈસા મળી શકશે કે જરૂરી વ્યવહાર કરી શકશે. એકથી વધુ વારસદાર પણ નીમી શકાય છે.'



શ્રી રીતીબેન શાહે જણાવ્યું હતું કે, 'ડિજિટલ લોકર એ સરકારનું સાહસ છે. ક્લાઉડ સ્ટોરેજ પ્લેટફોર્મ છે. તેમાં રખાયેલ ડોક્યુમેન્ટ ગમે ત્યાં ગમે ત્યારે ઉપલબ્ધ બને છે, પ્રિન્ટ પણ કરી શકાય છે. કાગળનો બિનજરૂરી ઉપયોગ ઘટાડી પર્યાવરણની રક્ષામાં મદદરૂપ બને છે.'



શ્રી જયેશભાઇ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, 'આ સેમિનારમાં જે તે વિષયના નિષ્ણાતો સરળતાથી એવી માહિતી આપી રહ્યા છે કે સામાન્ય રીતે તેને



મળવુ મુશ્કેલ હોય છે કે તેની પાસેથી માહિતી મેળવવી અઘરી હોય છે. ડિજિટલ સુરક્ષાની માહિતી સમજો, સેવ કરો અને શેર કરો.'

આ સેમિનારમાં શ્રી જ્વલંતભાઇ છાયા (તંત્રી–ફૂલછાબ), શ્રી નરેન્દ્રભાઇ ઝીબા (જનરલ મેનેજર–ફૂલછાબ), શ્રી જાડેજા (સાયબર ક્રાઇમ), શ્રી જયેશભાઇ ઉપાધ્યાય (બોલબાલા ચેરિટેબલ ટ્રસ્ટ), રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.માંથી શ્રી દિનેશભાઇ પાઠક (ચેરમેન), ડિરેક્ટરગણમાંથી શ્રી કીર્તિદાબેન જાદવ (ડિરેક્ટર), શ્રી જ્યોતિબેન ભટ્ટ (ડિરેક્ટર), શ્રી આરતીબેન નાણાવટી (એ.જી.એમ.–ઓડિટ), અધીકારીગણમાંથી શ્રી ચાંદનીબેન પારેખ, શ્રી ઋત્વીબેન વોરા, શ્રી ધારાબેન ધીયા, શ્રી રીતીબેન શાહ, શ્રી સ્મિતાબેન લુણાગરીયા અને બહોળી સંખ્યામાં મહિલાવર્ગ ઉપસ્થિત રહ્યા હતા.

સેમિનારની શરૂઆતમાં ભારતમાતા અને શ્રી અરવિંદભાઇ મણીઆરની તસવીર સમક્ષ મહાનુભાવો દ્વારા દીપપ્રાગટ્ય કરાયું હતું.

સેમિનારની પ્રાસંગિક માહિતી શ્રી મનીશભાઇ જાનીએ અને રસાળ ભાષામાં સંચાલન શ્રી નરેન્દ્રભાઇ ઝીબાએ કર્યુ હતું.

# શ્રદ્ધાંજલિ



આપણી બેંકના **પૂર્વ વાઇસ ચેરમેન અને સહકારી અગ્રણી શ્રી જીતુભાઇ શાહ** (ઉ.વ.૮૨) અરિહંત શરણ પામ્યા છે. શ્રી જીતુભાઇ શાહ આપણી બેંકમાં વર્ષ ૧૯૭૩થી ૧૯૯૦ સુધી ડિરેક્ટર તરીકે અને વર્ષ ૧૯૮૫–૮૭ અને ૧૯૯૦–૯૨ સુધી, અર્થાત ચાર વર્ષ વાઇસ ચેરમેન તરીકે સેવા આપી હતી. આપણી બેંક ઉપરાંત વિવિધ સંસ્થાઓમાં તેમનું યોગદાન મહત્ત્વપૂર્ણ રહ્યું છે. વિચારધારાને સમર્પિત જીતુભાઇ સહુને માટે એક વિશેષ યાદ છોડી ગયા છે.



આપણી બેંકના **કર્મચારી શ્રી વિનયભાઇ વિરમગામા** (ઉ.વ.૩૭)નું દુઃખદ અવસાન થયું છે. સંનિષ્ઠ કાર્યકર અને મિલનસાર સ્વભાવના વિનયભાઇ ઓછા સમયમાં સહુના માનીતા પરિવારજન બની ગયા હતા.



આપણી બેંકના **કર્મચારી શ્રી હરેશભાઇ મર્થક** (ઉ.વ.૫૯)નું દુઃખદ અવસાન થયું છે. બેંકમાં લાંબા સમયની કામગીરી દરમિયાન હરેશભાઇએ વિવિધ વિભાગો અને શાખાઓમાં કાર્ય કરેલું. તેમની સરળતા અને કામ પ્રત્યેની નિષ્ઠા યાદગાર બની રહે છે.

આપણી બેંકના સોરઠીયાવાડી શાખાના **કર્મચારીશ્રી સ્મિતભાઇ ઠાકરના દાદાશ્રી વસંતરાય** (ઉ.વ.૯૨)નું દુઃખદ અવસાન થયું છે.

આપણી બેંકના એકાઉન્ટ વિભાગના **કર્મચારીશ્રી શિલ્પાબેન બારડના પિતાશ્રી રૂપસિંહ** (ઉ.વ.૭૦)નું દુઃખદ અવસાન થયું છે.

આપણી બેંકના **એકાઉન્ટ વિભાગના કર્મચારીશ્રી હર્ષાબેન ધોળકીયાના પિતાશ્રી પ્રફુલભાઇ** (ઉ.વ.૭૭)નું દુઃખદ અવસાન થયું છે.

આપણી બેંકની **જંકશન પ્લોટ શાખાના કર્મચારીશ્રી હિતેશભાઇ પંડ્યાના પિતાશ્રી પ્રતાપરાય** (ઉ.વ.૮૦)નું દુઃખદ અવસાન થયું છે.

આપણી બેંકની **રેલનગર શાખાના મેનેજરશ્રી યોગેશભાઇ દવેના માતુશ્રી કંચનબેન** (ઉ.વ.૮૮)નું દુઃખદ અવસાન થયું છે.

આપણી બેંકની **સોરઠીયાવાડી શાખાના કર્મચારીશ્રી સિદ્ધાર્થભાઇ લુણાગરીયા (પટેલ)ના દાદાશ્રી કિશોરભાઇ** (ઉ.વ.૯૩)નું દુઃખદ અવસાન થયું છે.

આપણી બેંકના **પૂર્વ કર્મચારી શ્રી રમેશભાઇ દોમડીયા**નું દુઃખદ અવસાન થયું છે.

આપણી બેંકની **પરાબજાર શાખાના કર્મચારી શ્રી ભાવેશભાઇ બુસાના દાદાજી શ્રી રતિલાલભાઇ** (ઉ.વ.૯૨) નું દુઃખદ અવસાન થયું છે.

આપણી બેંકની **સુરત રીંગ શાખા વિકાસ સમિતિના કન્વીનર શ્રી નીરજભાઇ પટેલના ધર્મપત્ની શ્રીમતી નયનાબેન** (ઉ.વ.૫૪)નું દુઃખદ અવસાન થયું છે.

પરમકૃપાળુ પરમાત્મા સર્વે સદ્‌ગતના આત્માને ચિરંતન શાંતિ અર્પે અને મોક્ષધામમાં સ્થાપિત કરે એ જ પ્રાર્થના...




વ્યાજદર ફક્ત ૯.૨૫% થી

# GST સરોગેટ ઓવરડ્રાફ્ટ સુવિધા

ગત ૧ વર્ષના GST રિટર્નના વેચાણના ૩૦% નું ધિરાણ

રૂા. ૨.૫૦ કરોડ સુધી ધિરાણની સુવિધા

જામીનની જરૂરિયાત નહિ

સિક્યુરિટી કવરેજ ૧૨૫ %

તુરંત નજીકની શાખાનો સંપર્ક કરો અથવા **M. 85117 85085** પર મિસ્ડ કોલ કરો અને બેંકની યોજનાની માહિતી મેળવો



# કાર લોન 7.85% થી





હવે તમારી **ડ્રીમ કાર ફાઈનલ છે**

**ફિક્સ વ્યાજદર**

પ્રીક્લોઝર-પાર્ટ પેમેન્ટ ચાર્જ નહી

તુરંત નજીકની શાખાનો સંપર્ક કરો અથવા **M. 85117 85085** પર મિસ્ડ કોલ કરો અને બેંકની યોજનાની માહિતી મેળવો

# નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ની ધમાકેદાર પ્રગતિ

**ડિપોઝિટમાં**
**₹ ૬૮૯.૫૬ કરોડના**
**વધારા સાથે કુલ ડિપોઝિટ**
**₹ ૭,૧૩૨.૫૯**
**કરોડ**

**ધિરાણમાં**
**₹ ૫૫૦.૧૮ કરોડના**
**વધારા સાથે કુલ ધિરાણ**
**₹ ૪,૭૬૪.૧૯**
**કરોડ**

**એક જ વર્ષમાં**
**ઐતિહાસિક**
**₹ ૧,૨૪૦**
**કરોડથી**
**વધુ બિઝનેસ**
**મિક્સમાં**
**વૃદ્ધિ**

**ગ્રોસ પ્રોફિટ**
**₹ ૧૧૫.૩૫**
**કરોડ**

**સીડી**
**રેશિયો**
**૬૬.૭૯%**

**સતત છઠ્ઠા વર્ષે**
**ગ્રોસ પ્રોફિટ**
**₹ ૧૦૦ કરોડથી**
**વધુ**

**સતત**
**છઠ્ઠા વર્ષે**
**નેટ એનપીએ**
**ઝીરો**


**SAHAKAR SAMANVAY :** **APRIL - MAY - JUNE - 2025**

RNI NO. GUJGUJ/2013/49787 | Printed & Published by : VINOD SHARMA I On Behalf of Owner : RAJKOT NAGARIK SAHAKARI BANK LTD. Place of Publication : "ARVINDBHAI MANIAR NAGARIK SEVALAY", 150' RING ROAD, NEAR RAIYA CIRCLE, RAJKOT - 360005, (GUJARAT) PH. (0281) 2555555. Printed at : **Print Town Pvt. Ltd.,** "Parshva Printers, "Kishor Kunj", 1/7 Ramkrishna Nagar, Rajkot. Mo. 9428 22 66 99 Email : parshvaprinters@gmail.com, Editor : ALPESH JAYSUKHLAL MEHTA